No. 43—Vol.-LV.
Friday,
8th November, 1957
Registered at the G.P.O. as a Newspaper
Price 4d.

INDIAN OPINION
ઈન્ડિયન
# ઓપિનિયન
મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું.
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણીલાલ ગાંધી

★
ઉત્તમ ધર્મથી નહિ જીવનારા ના સો વર્ષના જીવન કરતા ઉત્તમ ધર્મને અનુસરનારનું એક દિવસનું જીવન જીવ્યું સફળ છે.
—બુદ્ધ.
✶

પુસ્તક ૫૫ મું—અંક ૪૩ | તા. ૮ નવેમ્બર, ૧૯૫૭. | છુટક નકલ પૈ. ૪

# મયસોરમાં વિનોબાજી

આચાર્ય વિનોબાભાવેએ જ્યારથી મયસોરમાં પોતાનો પગ મુકયો છે ત્યારથી એક નવી હવા પેદા કરી છે. તેમના સંદેશાને સાંભળવા પ્રત્યેક જણ ઉત્સુક થએલા જણાય છે. તેઓ પંડીતોને, કવીઓને, કામદારો ને, મલીકોને, સ્ત્રીઓને, સામાજીક કાર્યકરોને મળ્યા અને પોતાના ભુદાન ગ્રામ્યદાનની વાતો કરી. તેમની ગ્રામ્યદાન યાત્રાના ૭ દિવસ મયસોર સ્ટેટસ માં પુર્ણ થયા છે.

સંપત્તીદાન ભેગુ કરવાનું / તેઓનુ કામ હજી ચાલુ છે. બેંગલોર પ્રજા પાસેથી તેઓ દશ લાખ રૂપીયાની આશા રાખે છે. તે મળશે એવી આશા રાખવામાં આવે છે. સંપત્તી દાન પ્રધાનો કામદારો, માલીકો, વિગેરે તરફથી તેમને મળ્યા છે પણ તેમનું ધ્યેય તો એ છે કે વ્યક્તીગત માલીકી ની બધી સંપતી ફેલાઇને જનતાની બની જાય.

આચાર્ય વિનોબાજીના કાર્ય માટે ત્યાં ઘણી વિસ્તૃત જગા હોવાની આશા છે. અકસ્માતીક રીતે મયસોરે ગ્રામ્યદાનને રાષ્ટ્રવ્યાપી ચળવળ તરીકે સ્વીકારી છે. દક્ષિણ હીંદની સર્વોદય ચળવળ સાથે તેને ઘણો બહોળો સંબંધ છે. તેથી મયસોરને ગ્રામ્યદાનનું મથક બનાવવા ની વિનોબાજીની ઇચ્છા છે. આથી "સર્વોદય નગર" નામ મયસોરને તેઓએ આપીજ દીધુ છે.

લોકોની ઉત્સુકતા વિનોબાજીના કાર્ય તરફ કેટલી છે એ શાંત પણે તેમને સાંભળવા જે મોટી સંખ્યા આવી હતી તે બતાવી દે છે. લોકોને તેઓ ઘણા પ્રિય છે એ માટે જરા પણ શંકા નથી. વિનોબાજીએ જે આશા મૈસોર પાસે રાખી છે તે પૂર્ણ થઇ શકશે કે કેમ એ શંકા છે. નૈતીક વાતાવરણ આજે છે તેવુંજ વિનોબાજીના ત્યાંથી ગયા પછી રહેશે કે કેમ એ એક પ્રશ્ન છે.

આ સવાલો ઉભા થાય છે. તેનું કારણ સ્ટેટસમાં નેતાઓ વચ્ચે જે ઝઘડા છે અને તેઓ વિનોબાજીના સવાલને કેવી રીતે જોય છે એજ નથી પણ તેમની આંતરીક બાબતમાં પણ ઝઘડા છે એ છે. આથી આ સવાલો ઉભા થાય છે. મૈસોરમાં કુસંપ છે અને એનો જ્યારે વિનોબાજીએ ઉલ્લેખ કરતા કહ્યું કે, "નીજ-લીંગપ્પા ગ્રુપ, ચીન્ના ગ્રુપ, [illegible] ગ્રુપ આ જુદા ગ્રુપો પોતાનો વખત અને શકતી વેડફી રહ્યાં છે." આમ બોલતા તેઓએ ઉપલા પ્રશ્નોનેજ મન માં રાખ્યા હતાં. વિનોબાજીએ કહ્યું એ એક સાચી પરીસ્થીતી છે કારણ આજ સુધી તેમની પગયાત્રાના ૭ વર્ષમાં તેમને એક પણ સ્થાનીક રાજદ્વારી બાબતો વિશે કદી કંઇજ કહ્યું નથી. તેમના આ ઇસારા કરતાં વધુ સારો ઇસારો કોઇ કરી શકત નહી.

પહેલાનું મૈસુર સંસ્થાન આંતર કલહ માટે પ્રખ્યાત હતું જ અને આજે એજ કલહ પર આ નવું સંસ્થાન પણ રચાયું છે. આ પરીસ્થતીનો અંત લાવવાને બદલે મૈસુરની કોંગ્રેસ એથી પણ વધુ ખરાબ પરીસ્થીતી ઉભી કરી રહી છે. આથી વિનોબાજીએ જે ઇશારો કર્યો તે ખરો છે એ સમજાશે.

વડા પ્રધાન મી. એસ, નીજલીંગપ્પ ને વધુ સહકાર છે, મી. એસ. ચીન્નીહા જેઓ પ્રદેશ કોંગ્રેસના મુખ્ય છે, તેઓ પોતાના પક્ષમાં ઘણા ઉત્તમ કાર્યકર છે અને તેમનું ચલણ સત્તાધીશો પાસે પણ ઘણું છે. મી. કે. હનુમાન થૈયા જેઓ માજી વડા પ્રધાન છે અને તેઓ પક્ષના વડા છે. તેમનો પક્ષ ઘણો નાનો છે.

આચાર્ય ભાવે જે બોલ્યા તેની અસર તેઓને તરત જ થઇ અને ત્યાં જ તેઓ એકજ મંચ પર મિત્રો જેમ ઉભા રહી ગ્રામ્યદાનને સાથ આપવા એક મતે પ્રજાને જણાવ્યું હતું. પણ પ્રજાને આમાં વિશ્વાસ નથી બેઠો. આ કલહને પરીણામે છેલ્લી ચુંટણીમાં મહત્વની બેઠકો તેઓએ જતી કરી હતી.

# હીંદ તો આગળજ વધશે: નહેરૂ કહે છે

વડા પ્રધાને પત્રકારની પરીષદ સમક્ષ જાહેર કર્યું હતું કે, "આકાશ પાતાળ એક થશે તો પણ અમારી પરદેશ નીતી અમે કદી ફેરવવાના નથી. અમારો સૌથી મુખ્ય આદર્શ છે કે અમે કોઇ પણ બળવાન જુથોમાં સામેલ નહી થઇએ." વધુમાં પંડીતજીએ કહ્યું "આ એક ડહાપણભરી નિતી છે કે જેને હીંદની અમે તે સરકારે પાળવી જોઇએ. નહીં તો એનો કશો અર્થ નહી રહે."

"અમારી પરદેશ નિતી બે પેઢીઓ થયા જે આદર્શો સેવ્યા છે તેને પરીણામે અમલમાં આવી છે. બલ્કે વધુ આગળ વધી હું કહીશ કે તે અશોકના જમાનાથી ચાલી આવે છે. કોઇ પણ કારણસર કે કયાંક થએલા કોઇ બનાવો ખાતર અમે અમારી પરદેશ નિતી નહી બદલીએ. હીંદ આગળ વધશે પછી ભલે સમસ્ત દુનીયા તેની વિરૂદ્ધમાં ઉભી રહે. આ સવાલનો માં અંત આવશે [illegible]

પરદેશના વટાવને પરીણામે પંચ વર્ષીય યોજના પડી ભાંગશે તો શું કરશો? એ સવાલનો જવાબ આપતાં પંડીતજીએ કહ્યું હતું કે.

"જો કોઇ દેશ મદદ નહીં કરે તો હીંદ પડી ભાંગશે એ વિચારશરણીજ ભુલ ભરી છે. હીંદ આગળ વધશેજ પછી ભલે સમસ્ત દુનીયા અમારી વિરૂદ્ધ હોય. જો જરૂર પડશે તો અમે ભુખ્યા રહીશું, જો જરૂર પડશે તો અમે અમારા જાન આપશું. અમે ખરાબ દિવસો જોયા છે ફરી પાછા ખરાબ દિવસો જોઇશું પણ અમે તે બધામાંથી પસાર થશું અને અંતે ફરી પાછા સારા દીવસો જોઇશું.

✶

# ગુલાબી રંગ

એક ચિત્રકાર હતો. તેણે એક સુંદર રંગીન ચિત્ર તઇયાર કર્યું. એ લઇને વિનોબાજી પાસે આવ્યો. કહે કે આ ચિત્રમાં પચાસ રૂપીયાનું ખર્ચ થયું ને કલ્પના અને મહેનત તો જુદી

આપને આ ચિત્રમાં સંધ્યાનો ગુલાબી રંગ કેવો લાગે છે?

વિનોબાજીએ મોઢાના ભાવથી પોતાની નાખુશી બતાવી.

પેલા ચિત્રકારે કહ્યું કે મારા ગુરૂજીએ કહ્યું છે કે આ ચિત્ર તો ઉત્તમ પ્રદર્શનમાં મુકવા જેવું છે. વેચવાથી સહેજે એના બસો રૂપીયા મળે. આપને ન ગમ્યું?

વિનોબા:—મને તો ચિત્રો બહુયે ગમે. પણ તેં કહ્યું કે આ ચિત્રમાં પચાસ રૂપીયાનું ખર્ચ થયું છે. ત્યારે મારા મનમાં વિચાર આવ્યો કે આ ગામને પાદરે આવેલા છાપરામાં પેલા વણકરનો છોકરો છે. એના ગાલ, હોઠ અને આખું શરીર ફીકુંફચ્ચ પડી ગયું છે. એના બાપની ખાદી કોઇ ખરીદતું નથી. એના કુટુંબનો નિર્વાહ પૂરો થતો નથી એ છોકરાને દુધનો છાંટો કે પૂરૂં પોષણ મળતું નથી. જો આ પચાસ રૂપીયાની ખાદી ખરીદી હોય, તો એ વણકરના હાથ માં એની મજુરીના પૈસા આવે; અને એ એના છોકરાને દુધ પીવડાવે તો એના ફિક્કા ચહેરા ઉપર જીવતી કુદરતી સુંદર લાલી આવે. એનો ચહેરો હસતો થઇ જાય. આ ભગવાનની જીવતી જાગતી કળા મરવા પડી છે, ત્યાં આ કાગળ ઉપરની કળામાં મને શો રસ પડે?

ખાદી અને ગ્રામોદ્યોગની બીજી ચીજો વાપરીને વિનોબાજી આપણને આવા કારીગરોને ઉત્તેજન આપવાનુ અને એમનાં કુમળાં બાળકોને પોષણ આપવાનું કહે છે.

શું એ પણ એક કળા નથી કે પોષણ પહેલું કે શોભા પહેલી!

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૮ નવેમ્બર, ૧૯૫૭.

## અવકાશનો કુતરો અને આપણે

સોવિયટ યુનીયને પોતાનું બીજુ સ્પટનીક અવકાશમાં (સ્પેશમાં) ઉડતું મુકયું છે. આને પરિણામે કચડાયલી પ્રજાનો અને ખાસ કરી દક્ષિણ આફ્રિકાની કચડાયલી પ્રજાનો સવાલ જુદુ રૂપ લેશે.

છેલ્લા થોડાક માસો પહેલા સોવિયટ રશીયા તાજા સ્વતંત્ર થતા રાષ્ટ્રોને બહુ મદદ નહોતુ કરી શકતું. આથી નવા આઝાદ થએલા દેશો આર્થીક મદદ માટે અમેરીકા તરફ હાથ લંબાવતાં.

સોવિયટ યુનીયને પોતાનું બીજુ સ્પટનીક અવકાશમાં ઉડતું મુકી દુનીયાના બધા રાષ્ટ્રોની વિજ્ઞાનમાં આગેવાની લીધી છે. રશીયાની શકતી આજે સૌથી ઉચી ટોચે પહોંચી છે. આજના જમાનામાં વિજ્ઞાનમાં જે દેશ આગળ વધે તે દેશ બીજા બધા ક્ષેત્રમાં આગળ વધી શકે છે. વેપાર ઉદ્યોગમાં તે દેશ આગળ વધી દુનીયાનું બજાર પોતાને હસ્તક લઇ સસ્તી અને સારી વસ્તુઓ બધાને પહોંચાડી શકે. આ દ્રષ્ટીથી આ સ્પટનીકને જોતા પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના ઝગડામાં રશીયા એવું સ્થાન ધરાવશે કે, જે દેશો સાથે આજે તે ફક્ત નૈતીક સહકાર—સમૃદ્ધ દેશોની વિરૂદ્ધના દેશોને—આપે છે તેને આર્થીક મદદ પણ તે કરી શકશે.

સાચો પ્રજાસત્તાકવાદી આ વસ્તુ સ્તીતીને વગર ચીંતાએ નહીં જોઈ શકે. તેમજ કેઈ પણ વિચાર શિલ માનવી એમ ન માની શકે કે, આને કારણે દુનીયાના વાતાવરણને કાંઈજ અસર નથી થઇ. આ બે સ્પટનીકથી પશ્ચિમના દેશો માટે જે આદર હતો તેમાં થોડો ઘટાડો થયો છે, તેમજ કોમ્યુનીઝમનું મહત્વ વધી રહ્યું છે. સ્વતંત્ર પશ્ચિમના દેશો રશીયા સામે આજે માથુ ઉચકી શકે તેવી પરિસ્થીતી નથી ધરાવતા.

અમેરીકાનું સ્થાન આજે એવુ છે કે તે આફ્રિકામાં પણ પોતાનું માન ભર્યું સ્થાન સાચવી શકે તેમ નથી. ઇલાયદાપણાનો વિરોધ તે કરે છે છતાં,—અને બીજા દેશોની આઝાદી ફરી મેળવી દેવામાં તેની મદદ હોવા છતાં—આજે ઇલાયદાપણાને મદદ અને ઉત્તેજન પોતાની આર્થીક મદદ યુનીયનને આપી તે કરી રહ્યું છે. યુનીયનમાં અમેરીકા પોતાનું નાણુ રોકી રહ્યું છે, અને જયારે જયારે યુનોમાં કચડાયલી દક્ષિણ આફ્રિકાની પ્રજાનો સવાલ ચર્ચાય છે ત્યારે પોતે તટસ્થ નિતી ધારણ કરે છે. આવા વલણથી યુનીયનની રંગભેદની નિતીને આડકતરી રીતે સહકાર આપી રહ્યું છે.

ટુંક મુદત પહેલા અમેરીકામાં ઘાનાના નાણા મંત્રીનું અપમાન કરવામાં આવ્યું હતું. આવા બનાવોથી આફ્રિકાના બીન-ગોરાઓ અમેરીકાને વિશ્વાસ પાત્ર મિત્ર તરીકે નથી સ્વિકારી શકતા. તે પણ ત્યારે કે જયારે જાહેરમાં એખલાસપણે ઇલાયદાપણાનો વિરોધ તે બતાવવાની હિમ્મત નથી બતાવતું.

સમય હવે એવો આવ્યો છે કે, બહુજ જલદી અને ક્રિયાશિલ પગલુ ભરવાની જરૂર ઉભી થઇ છે. પશ્ચિમની શકિતની મર્યાદામાં આજે એ સવાલો છે કે તે પશ્ચીમના કચડાયલા દેશોને ખાત્રી આપે કે તે સ્વતંત્રતા અપાવવા તથા સ્વતંત્રતાનું રક્ષણ કરવા માટે પોતાની બધી મદદ આપશે. આવી ખાત્રી આપવામાં જો પશ્ચિમના દેશો પ્રમાદ ભર્યું વર્તન રાખશે તો દુનીયાપર કોમ્યુનીઝમનું વર્ચસ્વ સ્થપાશે. આપણે થોડાક સમયથી જોઇજ રહ્યા છીએ કે કોમ્યુનીસ્ટો વિચાર શીલ અને ડહાપણમાં ખુબ આગળ વધી રહ્યા છે.

## રાષ્ટ્રપતિની અપીલ

યુનોની ૧૨મી વાર્ષીક જયંતી પ્રસંગે હીંદના રાષ્ટ્રપતિ શ્રી. રાજેન્દ્રપ્રસાદે એક નિવેદન બહાર પાડયું હતુ. નિવેદનમાં તેઓ દુનીયાને એક બીજાને સમજવા અપીલ કરતાં જણાવે છે કે, "કાંઇક સક્રિય સમજુતી" કે જેથી દુનીયામાં શાંતી સ્થાપવા નુતન શોધોનો ઉપયોગ કરી શકાય એ ઘણું જરૂરી છે. તેમ જો નહી કરાય અને આ નુતન શોધોનો દુર ઉપયોગ થયા કરશે તો તેમાં યુનોની હાર સાથે સમસ્ત માનવ જાતીનો નાશ સમાએલો છે."

વધુમાં રાષ્ટ્રપતી જણાવે છે કે, "વિજ્ઞાન ક્ષેત્રમાં આજે થઇ રહેલી પ્રગતી પુરવાર કરે છે કે, યુનો તરફથી શસ્ત્રબંધી માટે તાત્કાળીક પગલા ભરાવવા જોઇએ અને માનવજાતને બધાથી ઉપર રાખી આનો નિર્ણય લેવાવો જોઇએ, એજ આપણી મહાન અંજલી યુનોના સ્થાપકને આજને પ્રસંગે હોઇ શકે. માનવ હકકના ખરીતાને પણ તેમ કરી પૂર્ણ માન આપી શકાશે.

"આ બધા વર્ષો દરમ્યાન બધા રાષ્ટ્ર સભ્યોએ જયારે જયારે આંતર રાષ્ટ્રીય સવાલોના ઉકેલો લેવાયા છે ત્યારે ત્યારે પોતાનો યુનો માટેનો વિશ્વાસ એમે તે રીતે પણ બતાવ્યોજ છે.

"હું જાણું છું કે, એની પ્રગતી આપણે ઇચ્છીએ તેટલી ગતીમાં નથી થતી. પણ આવા વિશમ વિરોધી વાતાવરણમાં ગતી કરતાં શાંતી અને યુદ્ધનો અવરોધ વધુ મહત્વને બને છે."

"વિજ્ઞાનની ઝડપી આગે કુચ આપણને એક પાઠ શીખવે છે. આપણે એને સત્કારતા, બધા રાષ્ટ્રોએ એક મત થઇ તેનો શાંતી માટે ઉપયોગ કરવાનું નક્કી કરવું ઘણું આવશ્યક છે. દુનીયાના રાષ્ટ્રો તેમ કરતાં જો અસફળ થશે અને પોતાની ફરજ નસમજતા ભય સાથે તે રમત રમ્યા કરશે તો ઇશ્વરની મનાઇનો તેઓ અનાદર કરશે અને મનુષ્યની શ્રદ્ધાને તેઓ નુકશાન પહોંચાડશે. આજની શોધો જો સારે માર્ગે વપરાય તો તે જીવનનું એક ઉત્તમ ધન બની રહે.

"આજ ઠેકાણે ઘાના અને મલાયા યુનોનું સભ્ય બન્યું છે તેનો આનંદ મને વ્યકત કરવા દો.

"આજને દિવસે હું મારી શુભેચ્છા યુનોના સભ્ય રાષ્ટ્રોને તેમજ સમસ્ત દુનીયાની પ્રજાને પાઠવું છું કે, જેમના સુખ શાંતી માટે આજે આ સંસ્થા પ્રયત્ન કરી રહી છે.

## ગાંધીજીની જીવન કથા

(કથનાર: ગરટ્રુડ મરેય)

પ્રકરણ ૩૩મું

### અંતે આઝાદી

હિંદની આઝાદી માટે ગાંધીજીએ પોતાના જીવનના ૫૦ વર્ષ સુધી કામ કર્યું હતુ. જ્યારે તેમનું આઝાદીનું સ્વપ્ન ખરૂં પડયું ત્યારે તેમનું હદય કેવા આનંદથી નાચી ઉઠયું હશે.

આ લાંબા વર્ષો દરમ્યાન તેમને કટ કેટલી તકલીફો ભોગવી હતી! પરદેશી સરકારનો વિરોધ કરવા માટે તેઓને કેટલી વાર જેલોમાં પુરવામાં આવ્યા હતાં! લોકોના હદયોનું પરીવર્તન કરવામાં જ્યારે બધા માર્ગો નિષ્ફળ ગયા ત્યારે કેટલી વાર તેઓએ ઉપવાસો કર્યા હતાં! આ પચાસ વર્ષો દરમ્યાન તેઓ કેટલા મહાન થયા! દુનીયામાં નાનામાં નાના અને મોટામાં મોટા બધાનેજ એમનું નામ ખબર હતી. તેમનો થોડો ઇસારો થતાંજ હીંદના લોકો એમને માટે દુનીયામાં કયાંય ન હોય તેવો મહેલ બાંધી દેત. પણ તેઓ પોતાને માટે કાંઇજ ઇચ્છતાં નહોતા. તેઓને જે જોઇતુ હતુ તે બ્રિટીશરો પાસેથી હીંદની મુકતી, કહેવાતા ઉચ્ચવર્ણ હીંદીઓ પાસેથી હરીજનો માટેનો પ્રેમ અને સમાન ભાવ. તેમજ હીંદુ મુસ્લીમોમાં ભાતૃત્વ. તેમના જીવનનો છેલ્લો સુંદર પ્રયત્ન આ સ્વપ્નને ખરૂં કરવા તેમને કરેલા છેલ્લા ઉપવાસ હતા.

અંતે આઝાદી જ્યારે આવી, તેમના વ્હાલા પત્ની કસ્તુરબા તેમના આનંદમાં ભાગ પડાવવા પડખે નહોતા. તેઓ થોડા વરસો પહેલા ગત થયા હતાં. તેમની ખોટ તેઓને ઘણી જણાતી છતાં તેઓ ધૈર્ય પુર્વક કામ કરતા રહ્યા હતાં. તેઓ કહેતા

(અનુસંધાન માટે જુઓ પાનું ૪૯૫)

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

# શ્રી. વી. કે. કૃષ્ણમેનન

### લેખક: નાનુ આઝાદ (પ્રતાપમાંથી)

**શ્રી.** મેનનનો જન્મ ૧૮૯૭ની ત્રીજી મેના રોજ જગતગુરૂ શંકરાચાર્યની પુણ્યભૂમિ મલબારમાં કાલીકટ મુકામે થયો હતો. એઓ માત્ર એક હોંશિયાર વિદ્યાર્થી જ ન હતા પરંતુ સાથે સાથે એક તીવ્ર જ્ઞાનપિપાસુ અને કંઇક કરી બતાવવાની ધગશ ધરાવતા હતા. જ્યારે તેઓ મદ્રાસ યુનીવર્સીટીમાંથી માનનીય સ્નાતક તરીકે બહાર પડ્યા ત્યારે રાષ્ટ્રમાં રાષ્ટ્રવાદનું પ્રબળ મોજું પ્રસરી ચુક્યુ હતું. રાષ્ટ્રવાદથી રંગાયેલા દેશભકત મેનન "અડ્યાર"માં સ્થપાયેલી રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં શિક્ષક તરીકે જોડાયા ૧૯૧૮ થી ૧૯૨૪ સુધી એમણે મદ્રાસ તેમજ કોચીન પ્રાંતના "બોય સ્કાઉટ કમીશનર" તરીકે સેવા બજાવી. આ પછી વધુ અભ્યાસાર્થે તેઓ લંડનની 'સ્કુલ ઓફ ઇકોનોમીક્સ'માં દાખલ થયા જ્યાં તેઓ વિદ્વાન અને વિખ્યાત પ્રોફેસર હેરોલ્ડ લાસ્કીના પ્રિય શિષ્ય થઇ પડ્યા અર્થશાસ્ત્ર સાથે બી. એસ. સી. થઇ લંડનની એમ. એસ. સી. પણ થયા. કાયદાની ઉપાધિ મેળવી 'ઇનર ટેમ્પલ'માં વકીલાત શરૂ કરી.

ભારતના મુક્તિ સંગ્રામનો ઇતિહાસ લખાશે ત્યારે 'ઇન્ડિયા લીગ'નું મુલ્યાંકન સુવર્ણ અક્ષરોથી થશે આમ તો ઇન્ડીયા લીગનો પાયો ૧૯૧૯માં નંખાયો હતો પરંતુ સક્રીય તો ૧૯૨૯થી જ થઇ કારણ અગાઉની નેતાગીરી કમજોર હતી. ૧૯૨૯માં "લાહોર કોંગ્રેસે" પુર્ણ સ્વરાજ્યની બુલંદ ઘોષણા કરી તે જ સમયે લંડનના મંત્રી તરીકે મેનન આવ્યા. એમનું કાર્ય ઘણું જ કઠીન હતું છતાં એઓ એકલે હાથે ઝઝુમ્યા ફક્ત ત્રણ જ વર્ષના ટુંકા ગાળામાં લીગ સદ્ધર બની ગઇ કે એઓ શ્રી બર્નાડ રસેલ જેવા મહાનુભાવને લીગના ચેરમેન બનાવી સક્યા. ૧૯૩૪માં એઓ મજુર પક્ષમાં જોડાયા. પંડીત નહેરૂ એમની આત્મ કથામાં ઉલ્લેખે છે કે સાઉથપોર્ટમાં ભરાયેલી મજુર પક્ષની સભામાં ઠરાવ મુકતાં મેનને જણાવ્યું હતું, *"It is imperative that the principle of self-determination for the establishment of self-Government for India should be implemented forth with."* જો કે એ ઠરાવ રદ થયો છતાં એજ મજુરપક્ષે બાર વર્ષ રહીને ભારત છોડવાની તઇયારી બતાવી.

એક ધારા ચૌદ વર્ષ સુધી 'સેંટ પેંક્રાસ બરો કાઉન્સીલ'માં ચુંટાઇ આવી લંડનની ગરીબ પ્રજાનો અવાજ રજુ કર્યો. આ બધા વર્ષોમાં એઓ ગણાતા બુદ્ધિ શાળીઓના સંપર્કમાં આવ્યા અને એમના મિત્ર બન્યા. એટલું જ નહિ પરંતુ એઓએ ભારતની આઝાદી કાજે લેખો લખ્યા, ભાષણો કર્યા અને પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરી. એજ સમયે એઓ પ્રખ્યાત 'પેલીકન બુક્સ'ના તંત્રી હતા અને ૨૦મી સદીની લાયબ્રેરીનું તંત્રીપદ પણ સંભાળી રહ્યા હતા. એક વિદ્વાન બેરિસ્ટર તરીકે જરૂરત પડ્યે તેઓ ભારતીય નાગરીકો માટે લંડનની 'પ્રીવી કાઉન્સીલ'માં પણ જતા.

## ભવ્ય સાદાઈ

શ્રી મેનને જીવનના શરૂઆતના વર્ષોથી જ ભારતીય ઋષિમુનિઓને છાજે એવી સાદાઇ અપનાવી હતી. સાદાઇ માટે કહેવાઇ છે કે એક વખત લંડનમાં પગે આંટણ પડતા બુટ હાથમાં લઇ ઘરે ગયા હતા. વળી નથી તેઓ સીગારેટ ફુંકતા કે નથી દારૂને હાથ અડાડતા તેમજ તેઓ સંપૂર્ણ શાકાહારી છે. ચાહ અને બીસ્કીટ પર એમનું જીવન ટકી રહ્યું છે. ધ્યાન ખેંચે એવી હકીકત એ છે કે તેઓ હજુ અપરણિત છે. આજે એમણે ધાર્યું હોત તો તેઓ એક કુશળ ધારાશાસ્ત્રી નામી લેખક કે પછી પ્રખ્યાત પત્રકાર બની ચુકયા હોત, પરંતુ એમને માટે તો ભારતની આઝાદી એજ પ્રધાન જીવનકાર્ય બની ચુક્યું હતું.

## આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર

હાલમાં આંતરરાષ્ટ્રીય રાજકારણની શેતરંજ પર 'નહેરૂ મેનન'ની જોડલી અતિ પ્રસિદ્ધિ પામી છે. છતાં તેની શરૂઆત તો ૧૯૩૫માં એઓ પ્રથમ એકબીજાના પુર્ણ પરિચયમાં આવ્યા ત્યારથી જ થઇ ચૂકી કહેવાય. મેનને તો પોતાનું મીશન અવિરતપણે ચલાવ્યે જ રાખ્યું તેમણે તો લંડનમાં રહી હિટલર અને મુસોલીનીની પ્રગતિ નિહાળી; વળી લંડનની ભયંકર બોંબ વર્ષા પણ અનુભવી નુતન રશિયા તેમજ પુર્વિય યુરોપના નવા પ્રજાસત્તાકોનો ઉદય પણ જોયો અને 'યુ. એન. ઓ.' ની સ્થાપનાનો બારીક અભ્યાસ કર્યો. આમ મેનનને તે સમયની આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનો બારીક અભ્યાસ કરવાની અમુલ્ય તક સાંપડી કે જેને લઇને આજ એઓ એક સફળ આંતરરાષ્ટ્રીય દુભાષિયા તરીકે પંકાઇ ગયા.

## અમુલ્ય ફાળો

૧૯૩૬માં પેરીસ શહેરમાં રોમા રોલાના અધ્યક્ષપદે ભરાયેલી વિશ્વ શાંતિ પરિષદમાં એમણે ભારતનો અવાજ રજુ કર્યો. ભારતની આઝાદી કાજે પરદેશમાં રહી લડનારાઓમાં મેનનનો ફાળો, અનન્ય, અદ્વિતિય અને અમુલ્ય જ રહેશે. એમને ઇંગ્લાંડના પ્રથમ હાઇ-કમીશ્નર અને આયલેંન્ડના એલચી નીમ્યા એ એક ઐતિહાસિક ન્યાય જ કહી શકાય. ભાગલાના કપરા કાળમાં એમણે પોતાનું વેતન દેશની જનતા માટે અર્પણ કર્યું. ભારતના હાઇ કમીશનર માટે લંડનની "ગ્રીલયો નર" ચાલમાં એક રાજવીને શોભે એવું નિવાસસ્થાન હોવા છતાં તેઓ તો હાઇ કમીશનરની ઓફીસના એક નાનકડા રૂમમાં જ રહેતા અને લગભગ બધો જ સમય એક ગુરખા ચોકીદારની જેમ ઘડિયાળની નિયમિતતાથી કામ કરતા.

ટુંક સમયમાં એમની કીર્તિની સુવાસ પ્રસરતાં ૧૯૫૨માં પંડીતજીએ એમને પાછા બોલાવ્યા અને તે પણ ભારે જવાબદારી લાદવા માટે જ. અહિંથી જ એમની દુનીયાના મહાન મુત્સદ્દી તરીકેની કારકીર્દીની શરૂઆત થઇ. ત્યાર પછી વારંવાર યુ. એન. ઓ. માં ભારતનું પ્રતિનિધિત્વ રજુ કર્યું. બબ્બે વર્ષની અહર્નિશ મહેનતને અંતે કોરિયામાં શાંતિ સ્થાપવાને સફળ નિવડ્યા. આ પછી ૧૯૫૩માં "વાઇટ નામ"માં શાંત અર્થે જીનેવા પરિષદ ભરાઇ. પરિષદમાં આમંત્રણ ન હોવા છતાં પડદા પાછળ રહી પરિષદ સફળ બનાવી. આથી વાઇટનામમાં શાંતી સ્થપાઇ અને નિર્દોષ પ્રજાની વર્ષોથી થતી કતલ અટકાવી આંતરરાષ્ટ્રીય જગતમાં પીઢ ગણાતા મુત્સદ્દીઓ જોડે ચર્ચા કરી. એમને એકમત કરવાની મેનનમાં ગજબની શકિત છે. ૧૯૫૫માં એપ્રીલમાં ઇન્ડોનેશિયામાં આફ્રો એશીયન દેશોની ભરાયેલી "બાન્ડુગ પરિષદમાં એઓ નહેરૂના સાથી તરીકે ગયા. યુ. એન. ઓ.માં શાહીવાદ વિરૂદ્ધ, સંસ્થાનવાદ સામે, નિઃશસ્ત્રીકરણ માટે, ટ્રસ્ટીશીપ દેશો કાજે તેમજ ગુલામ રાષ્ટ્રોની આઝાદી માટે ન્યાયી લડતો ચલાવી. યુ. એન ઓ. ની દશમી સંવત્સરિ સાનફ્રાંસિસ્કો શહેરમાં ઉજવાઇ અને સાંઠ સાંઠ પ્રતિનિધિઓમાં મેનનનાં ભાષણો અમુલ્ય ગણાયા. આથી યુ. એન. ઓ.નું એ અધિવેશન "મેનન અધિવેશન" તરીકે પ્રસિદ્ધ થયું. આમ યુ. એન. ઓ. નાં બિરૂદથી મોલોટોવ કે વિશિનસ્કીને બિરદાવતા હતા તે માન મેનનને મળી ગયું. એક પ્રતિનિધિએ તો એટલે સુધી કહ્યું હતું. *"Menon enters a Committee Room, tension enters the room with him."*

આ પછી ૧૯૫૬-૫૭ના વર્ષોમાં તો મેનને આંતરરાષ્ટ્રીય જગતમાં ભારે તટ ખાટ મચાવી દીધો. મેનનના નામ માત્રથી યુદ્ધ આવકારતા રાજદ્વારીઓ ડરવા લાગ્યા. સુએઝ અને કાશમીરના પ્રશ્નોમાં તો મહાન સત્તાઓના પ્રતિનિધિઓના દાંત ખાટા કરી નાંખ્યા. વિરોધીઓએ પણ પ્રશંસાપુષ્પો વેર્યા. આડકતરી રીતે મિસરને પોતાની સામ્યવાદી વિરોધી છાવણીમાં ખેંચવા પશ્ચિમી રાષ્ટ્રોએ આસ્વાન બંધ બાંધવા નાણાંકિય મદદ આપવા તઇયારી બતાવી પરંતુ સ્વમાની પ્રેસિડન્ડ નાસરે સુએઝનું રાષ્ટ્રિકરણ કર્યું અને જગતભરમાં હાહાકાર પ્રવર્તી ગયો. સુએઝ પ્રશ્નના શાંતીમય ઉકેલ માટે મેનને ઘણી જહેમત ઉઠાવી છતાં નિષ્ફળતા મળી. આ પછી બ્રિટન, ફ્રાંસ અને ઇઝરાયેલે ઇજીપ્ટ પર આક્રમણ કર્યું. આથી યુ. એન. ઓ. માં અન્યાયી અને સંસ્થાવાદી આક્રમણ ખાળવા માટે એમણે જોરદાર હાકલ કરી અને જગતને જાગૃત કર્યું. એમણે નૈતિક બળ જગાડી એવો વિશ્વમત કેળવ્યો કે આક્રમણકારોને પીછેહઠ કરવાની ફરજ પડી જો કે આ પીછેહઠ પાછળ રશીયાના વડા પ્રધાન બુલ્ગેનીનનું એલ્ટીમેટમ પણ ઠીકઠીક સફળ નિવડ્યું કહી શકાય. એમની સેવાની કદર કરી પ્રમુખ રાજેન્દ્રપ્રસાદે એમને કેન્દ્રીય પ્રધાન મંડળમાં જોડાવા આમંત્રણ પાઠવ્યું અને તેઓ દફતર વિનાના પ્રધાન તરીકે જાણીતા થયા.

## કાશ્મીરનો પ્રશ્ન

કાશમીર કે ભારતના જ નહિં પરંતુ યુ. એન. ઓ ના ઇતિહાસમાં પણ જે માટે એઓ અમર થઇ જશે એવો કાશમીર પ્રશ્ન આવ્યો ત્યારે જીંદગીના જોખમે પણ યુ. એન. ઓ ના અત્યાર સુધીના ભાષણોનો રેકાર્ડ તોડી જીવન મરણ વચ્ચે ઝોલા ખાતાં ખાતાં પણ કાશમીર પ્રશ્નની જે સચોટ પ્રમાણિક અને ન્યાયી રજુઆત કરી તેથી પરદેશી પ્રતિનિધિઓ પણ એમના બુદ્ધિ કૌશલ્ય પર આફ્રિન પોકારી ઉઠયા. ચાલુ સભામાં ભાષણ કરતાં કરતાં બેભાન થઇ જતા હતા છતાં પાછા એજ ઉત્સાહ, એજ દમામ અને એજ જોમથી એમનું વકતૃત્વ જારી રાખતા હતા. દેશને ન્યાય મળે તે માટે જીવન હોડમાં મુકી ચુકયા હતા. રાષ્ટ્રીય પ્રશ્ન માટે યુ એન ઓમાં આવી પરિસ્થિતિમાં લડનાર એઓ એકજ પ્રતિનિધિ છે.

આજ સમયે એઓએ લોકસભા માટે મુંબઇ શહેરમાંથી ઉમેદવારી નોંધાવી હતી. છતાં એમને તો કાશમીર પ્રશ્ન આગળ પોતાની ચુંટણીની પડી જ ન હતી. જ્યારે એમના ફિકર તો નહેરૂ અને રાજાજી જેવાઓને પણ

(અનુસંધાન માટે જુઓ પાનું ૪૯૬)

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

# સત્ય અને હું

### મહાત્મા ભગવાન દીન

**મા**નવીની ઘણી તીવ્ર ઇચ્છા હોય છે કે તે આત્માને જોય. એવી પણ તીવ્ર ઇચ્છા હોય છે કે તે જાણે કે જીવન શું છે? તમે જાણો છો કે એને માટે માનવ શું શું કરે છે? જીવતા દેડકાઓને ઉકાળી અને ચીરે છે. જ્યારે તેનાથી તે કાંઇ સમજી નથી શકતો તો જીવતા દેડકાને ચીરે છે અને આવા બીજા કેટલાએ જીવો ઉપર અખતરા કરી ન જાણે તે શું શું શોધે છે અને મુર્ખતા ભર્યાં કામો કરે છે. વળી આવા કામોને તે નામ આપે છે, "વિજ્ઞાનની શોધ." જો માનવીનું ચાલે તો તે જીવંત માનવીને ચીરીને જોય, અથવા હવા બહાર ન નિકળી શકે એવા કાચના શીશામાં જીવતા માનવીને બંધ કરી જોય કે આત્મા શું છે જીવન શું છે, કયાંથી બહાર નિકળે છે, કેવું રૂપ છે, કડલો મોટો છે.

આટ આટલા દિવસની મહેનત પછી પણ તે જરા પણ જાણી નથી શકયો કે આત્મા શું છે અને જીવન શું છે, અને જે કંઇ તે સમજ્યો છે તે ન તો આત્મા છે કે ન તો જીવન છે. આત્મા શું છે એ વાત એની સમજમાં એવી રીતે નથી આવી શકતી કે આત્મા અને દેહ એવી રીતે એક બીજામાં ભળ્યા છે કે જેવી રીતે તત્ત્વ અને શકિત. શકિત જ તત્ત્વ છે અને તત્વ જ શકિત છે. તત્ત્વ કોઇ બીજી ચીજ નથી અને નતો શકિત બીજી ચીજ છે.

જેવી રીતે દેહ અને આત્માને જુદી રીતે તમે ન જોઇ શકો તેમ સત્ય અને વ્યવહારને પણ જુદુ જુદુ ન જોઇ શકાય. જે જે ઋષિઓ અને મહા પુરૂષોએ સત્યની શોધ કરી છે એમને મૃત અથવા જીવીત વ્યવહારને ચીર્યો છે. તેમને કશું ન મળ્યું. બહુ હિમ્મત થી એક ઋષિ કહિ ગયા છે "આ-પણ નહી, આ-પણ નહી, આ-પણ નહી."

સત્યની શોધ કરવા ઘણા પ્રયાસો થયા પણ તેને જુદુ તારવનાર હાથ માં કાંઇ જ નથી આવ્યું. સત્યને અમે તેટલુ ધોઇએ પણ એ ધોએલું સત્ય જે માણુસને પલ્લે પડશે તે મેલું જ હશે, કદાચ વધુ મેલુ હશે. જેવી રીતે માનવી શરીરમાં ચામડી નીચે અંધવાડ પડયો છે એવી જ રીતે સત્યની વ્યવહારીક ચામડી નીચે મેલ ભર્યો છે.

કયારેક કયારે મારૂં મન મુઝાય છે ત્યારે હું પ્રભુને પાથું છું કે, હે ભગવાન આ દાર્શનિકોથી મને તું બચાવ. સીધી સાદી વાતોને તેઓ એવી મારી મચડીને અમારી સામે મુકે છે કે સાધારણ માણુસ તે સમજી જ શકતો નથી.

રામાયણમાં એક પ્રસંગનું વર્ણન છે જ્યારે રાવણ સીતાજીનું હરણ કરે છે ત્યારે સીતાજી પોતાના એક પછી એક ઘરેણા નીચે નાખતાં જાય છે. અને તે ઘરેણા જ્યારે શોધ કરતા રામ ને મળે છે ત્યારે રામ લક્ષ્મણને પુછે છે "આ તારી ભાભીના છે." લક્ષ્મણ જવાબ આપે છે કે, હું કુંડળ કે બંગડી કે વીંટીને નથી ઓળખી શકતો પણ આ પગના ઝાંઝર છે તે હમેશા તેમને પગે લાગતા મેં જોયા છે." આ વર્ણનની ચર્ચા ગાંધીજી અને વિનોબા જી વચ્ચે થઇ હતી.

ગાંધીજીએ કહ્યું, લક્ષ્મણ બ્રહ્મચારી હતો તે બતાવવા એનું એવું વર્ણન આવે કે તે સીતાના ચહેરા સામે જોતો જ નહોતો એ વાકય મને રૂચતું નથી. બ્રહ્મચર્ય એવું નબળુ કેમ હોઇ શકે!

વિનોબાજીએ જવાબ આપ્યો આપે જે રીતે વિચાર્યું છે તે ઠીક છે પણ હું બીજી રીતે વિચારૂં છું. એ ઘરેણા રામે પણ ન ઓળખ્યા રામ જ જ્યારે પોતાની પત્નીના ઘરેણા નથી ઓળખી શકતા ત્યારે એનો અર્થ એજ થાય કે રામ અને લક્ષ્મણ બન્ને અનાશકત હતાં. પણ લક્ષ્મણ સીતાને પુજતો આથી નિયમીત એને પગે લાગતા પગનું ધ્યાન ધરતો તેથી જ તે નેપુર ને ઓળખી શકયો.

આ વાત ચીત વિચારતા હું અને મારા મિત્ર વાતો કરતાં હતાં. મેં મીત્રને કહ્યું આ દાર્શનિકો કેવાં કેવાં અર્થો કાઢે છે? એ લોકોને સાદી સીધી વાત નથી સમજાતી. આ વાત વાલ્મીકીની કલ્પના છે. સીતાજી ન તો મૂર્ખ હતાં કે ન રામ. જે ઘર છોડી જંગલમાં જાય તે દાગીના શા માટે સાથે લઇ જાય? અને છતાં જો લઇ જ ગયા હોય તો કયો પતી જોતા ની વારમાં જ કહી શકે કે આજ દાગીના મારી પત્નીના છે? મારો મીત્ર બોલી ઉઠયો મને જ કોઇ પુછે તો હું પણ મારી પત્નીના દાગીના ન ઓળખી શકું.

આ સત્યને સીધી રીતે ગ્રામ્ય ભાષામાં મુકાય તો આપણા હૃદય પર વધુ સારી અસર થાય. રામ પુછે અને લક્ષ્મણ જવાબ આપે કે "હા, ભાઇ! સીતાભાભીને ઘણીવાર જોયા છે તેમની સાથે ઘણો વિનોદ કર્યો છે. તેમના વાળોમાં ઘણીવાર વનવાસ પ્રસંગે લાકડા દાબેર તરીકે તેલ નાખી દીધુ છે વેણીમાં પહેરવા ફુલો આપ્યા છે પણ આ ઘરેણા એટલા બધા ધ્યાનથી નથી જોયા કે એજ મારી ભાભીના છે એમ કહીં શકાય?

સત્યને આમ મુકવાથી માણુસના હૃદય પર વધુ સારી અસર કરે એમ હું માનું છું. કારણ આ ખરો માનવ વ્યવહાર છે. બાકી સત્યને મારી મચડીને કોઇ તેની શોધ નથી કરી શકતું.

## રેવ. માઈકલ સ્કૉટનું નિવેદન

**યુ**નોની વાલીપણા સમીતીમાં રેવરન્ડ માઇકલ સ્કોટે કહ્યું છે કે નૈઋત્ય આફ્રીકા વિષે દક્ષિણ આફ્રિકા જો યુનોના આદેશોને ઉવેખતું આવે તો તેને વિશ્વ-સંસ્થામાંથી અલગ કરવું જોઇએ. એમણે કહ્યું છે કે નૈઋત્ય આફ્રિકાને વાલીપણા હેઠળ દક્ષિણ આફ્રિકા દાદ દેવા તઇયાર નથી એ પ્રશ્ન યુનોએ આંતરરાષ્ટ્રીય કોર્ટમાં લઇ જવો જોઇએ ને જો દક્ષિણ આફ્રિકાની સરકાર કોર્ટના આવા અધિકારને ન માને તો પછી એની સામે આર્થીક પ્રતીબંધો મૂકવા જોઇએ.

નૈઋત્ય આફ્રિકા અગાઉ જર્મન પ્રદેશ હતો. એ ૧૯૨૦ માં લીગ ઓફ નેશન્સ હેઠળ મુકાયો હતો. દક્ષિણ આફ્રિકાનો દાવો છે કે લીગ ઓફ નેશન્સના અંત સાથે મેન્ડેટ હકોનો પણ અંત આવી જાય છે. આંતરરાષ્ટ્રીય કોર્ટે આ પહેલાં જાહેર કરેલું છે કે નૈઋત્ય આફ્રીકા એ વાલી પણાનો વિસ્તાર છે. રેવરન્ડ માઇકલ સ્કોટે ઉમેર્યું કે નૈઋત્ય આફ્રિકાના દરજ્જાનો પ્રશ્ન અગત્યનો બન્યો છે. અનેક વર્ષોથી નૈઋત્ય આફ્રિકન જનતા ના હકોને દક્ષિણ આફ્રિકા અવગણતું આવ્યું છે.

### હલકું જીવન ગુજારતા આફ્રીકનો

સમીતી સમક્ષ હરેરો ટોળીવાળાના નેતા દક્ષિણ આફ્રીકન સરકારે દેશ છોડવા માટે જોઇતા જરૂરી કાગળીયાં ના આપવાથી આવી શકયા ન હતા, પણ તેમનું તઇયાર નીવેદન રેવરંડ માઇકલ સ્કોટે વાંચ્યું હતું. એમાં લખ્યું છે કે આફ્રીકનો હલકું જીવન ગુજારે છે, બીજી બાજુ યુરોપીયનો નવીન ભવનો માં ચમનથી રહે છે. આફ્રિકનો અને અન્ય બીન-યુરોપીયનોને કોઇ રાજકીય હકક નથી, ગીચ ગંદા સુગ ચડે તેવા વિસ્તારોમાં આફ્રિકનો જીવે છે. નૈઋત્ય આફ્રિકાના બે જર્મન રહેવાસીઓને પોતાના વીચાર વ્યકત કરવા વાલીપણા સમીતીએ બોલાવવાનું નકકી કર્યું છે.

## આસામીઓની સંસ્કૃતી

### નરંજન સીંગ

(યુનેસ્કો).

**બ**ર્માં અને પુર્વ પાકીસ્તાન વચ્ચે આવેલા આસમની પ્રજાની સંસ્કૃતી ત્રણ રીતે વેંચાઇ ગઇ છે. તેઓ નટો છે, ઉર્મીલ કવીઓ છે, અને વિદુષકો છે.

**નટો :** નટોનો અર્થ એ નથી થતો કે જે આજે આપણે સ્ટેજો પર જોઇએ છીએ. પણ આ નટો સંસ્કૃતીથી ભરપૂર સારા ચારીત્ર ઘડતર ધાર્મીક પ્રસંગો રંગભૂમી પર ઉતારી ગ્રામ્ય જીવનને સ્પર્શે છે.

**કવી :** આ કવીઓમાંનો પણ મોટો ભાગ ધાર્મીક અને સામાજીક જીવનના કાવ્યો રચે છે. આ કાવ્યો સમુહમાં અથવા વ્યકતીગત ગાઇ શકાય છે. આસામીઓ દિવસ આખા ની દીલ તોડ મેનત કર્યા પછી સાંજ ના આ કાવ્યો અને નૃત્યોથી મન બ્હેલાવે છે. અને જીવનની ચીંતાઓ ને ભૂલી જાય છે.

**વિદુષક :** આ વિદુષકો તેના હાવ ભાવ અને ટુચકાઓથી સમુહને હસાવે છે.

આસામીઓ મોટે ભાગે ગ્રામ્ય પ્રજા હોવાથી ગામડાનો આનંદ નૃત્ય, સંગીત, અને નાટકો દ્વારા મેળવે છે. મોટા ભાગ ના નાટકો પુરાણોની કથાઓ હોય છે. નૃત્ય પણ દેવે દેવીઓ સામે કરી તેને રીઝવવાની આશાએ ધાર્મીક ગીતો અને દેખાવો દ્વારા કરવામાં આવે છે.

બુકકીપીંગ, ઇનકમ ટેકસ રીટર્ન્સ, લાઇસેન્સીંગ, રેવન્યુ કલીયરન્સ અને ઇનસ્યોરન્સ માટે મળો :

**આર. વીઠ્ઠલ**

૧૨ બાર્કલી આર્કેડ, ૩૮ માર્કેટ સ્ટ્રીટ, કોરનર ડાયગોનલ અને માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ, ફોન ૩૩-૧૬૫૪.

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

હીંદની મોટામાં મોટી વિમાની કમ્પની તમારી સેવામાં

—ધી—

# ન્યુ ઇન્ડીયા ઇન્સ્યુરન્સ

કંપની લીમીટેડ

સાઉથ આફ્રિકાના એકજ મુખ્ય પ્રતિનિધિ

## રૂસ્તમજી જાલભાઈ રૂસ્તમજી

૧૪૦ કવીન સ્ટ્રીટ,

**ડરબન — નાટાલ.**

સેવા અને નિર્ભયતા

**માટે અમને મળો.**

બધી જાતના વિમાઓ અમે ઉતારીએ છીએ.

પી. ઓ. બોકસ ૧૬૧૦.
રેસીડેન્સ : ૧૧૧ ઇલેવન્થ એવન્યુ,
ડરબન.

ટેલીફોન્સઃ
ઓફીસ : ૨૫૮૪૫
રેસીડેન્સ : ૩૬૪૧૩.



# હવે તમારે નિરાશ થવાની જરૂર નથી!

કારણ ? ?

### ક્યાં જશો ?

નથી રહેવું છેક અલ્લડ,
બની જવું છે ફેશનેબલ?
આ દુનિયા બધી પલટાણી,
રે! નથી રહેવાના જુનવાણી!
લુંગડાં સાલ્લાં દો ફગાવી,
સાડી કે અંબર લો સોહાવી,
જોડા ખાસડાં કેવા? છી! છી!
મંગાવી લો બુટ ઉંચી એડીના!
સુતરાઉ કાપડ, કેવું જુનું?
નાઇલોન રેશમ? અહા! સોહામણું
મગ, ચણા તુવેર કે દાળ,
મળે છે બધું અહીંયા જ!
માટે—
ચાલી આવો તમે સમજી,
મણિલાલ રતનજીની કંપની

* તમારી માનીતી સાડી—બનારસ જરી જોર્જેટ, બનારસ રેશમ, મૈસુરી, સીફોન, કાશ્મીરી, જરીટીનસીલ, કોર પાલવ, દેશી પટોળા વગેરે છેલ્લી ડીઝાઇનમાં આવી ગઇ છે!
* તમને ગમતી બોર્ડર્સ—બનારસ બોર્ડર, રેશમી કોર પાલવ, જરી. કોર પાલવ, જરીની કોર: રૂપેરી તથા સોનેરી વગેરે આકર્ષક રૂપમાં મળશે.
* નાઇલોનમાં સાડી તેમજ ડ્રેસ અને બ્લાઉઝ માટે કાપડ તમને મન.પસંદ મળશે.
* તમારી પુત્રી માટે બ્લાઉસ તથા ડ્રેસનું કાપડ અનેક વિધ રંગમાં મળશે.
* લગ્નને લગતી દરેક ચીજો—પૂજાનો માલ, થર, કાંકણ વગેરે માટે અમને મળો.
* દેશી કરિયાણું મોટા જથ્થામાં સાફ તેમજ કિફાયત ભાવે મળશે.
* તમારી દરેક જરૂરીયાત માટે તમારી માનીતી દુકાને જ આવો:

શૃંગારના સાધનો—કંકુની શીશી, ચાંદલા, વાળ, બંગડી, પાટલા રેશમી કુમટા, જરીની વેણી જરીના જોડા વગેરે હમણાં નવા સ્ટોકમાં આવ્યા છે.

**"એક નૂર આદમી હજાર નૂર કપડાં"**

ભાવ માટે અમને લખો:

પિત્તળના વાસણો—પિત્તળ તથા તાંબાના નાના મોટા લોટા, દીવીઓ, આરતીની દીવી, પિતળ તથા જર્મનની વાડકી, પવાલા, જર્મનની ગુલાબ દાની ધૂપદાની, તાંબડા વગેરે હમણાંજ આવ્યા છે.

Phone : 27709.

Residence : 22744.

# Manilal Ratanjee & Co., (Pty) Ltd.

**136 Prince Edward Street, DURBAN.**


PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

# રામાયણ વિશે ગાંધીજી

"રામાયણને આપ સર્વોત્તમ ગ્રંથ માનો છો. પરંતુ સમજાતું નથી કે કેમ? તુલસીદાસજીએ સ્ત્રી જાતીની કેટલી નીંદા કરી છે? વાલીના વધ માટે કેવું સમર્થન કર્યું છે? વિભીષણના દેશ દ્રોહીપણાની પણ કદર કરી છે. સીતાજી પર અનેક અન્યાય કરનાર રામને અવતારી વર્ણવ્યા છે. આવા ગ્રંથમાં આપ શું સૌંદર્ય જુવો છો? શું તુલસીદાસની કવીત્વ શકતીથીજ પ્રસન્ન થઇ આપ એને ઉત્તમ ગ્રંથ ગણો છો? જો આમજ હોય તો કહેવું પડશે કે આપને કાવ્ય પરીક્ષાનો કશો અધિકાર નથી?"

આ પ્રશ્ન એકજ વ્યક્તીએ નથી પુછ્યા પણ વારંવાર કોઇ અને કોઇ મિત્રો આમ પુછે છે. આવી રીતે જો પ્રત્યેક ટીકાને આપણે ન્યાય આપવા બેસીએ તો સમસ્ત રામાયણને દોષમય કહિ શકાય. સંતોષની વાત છે કે પ્રત્યેક ગ્રંથ અને પ્રત્યેક વ્યક્તીને દોષમય સિદ્ધ કરી શકાય છે. એક ચિત્રકારે પોતાનું ઉત્તમમાં ઉત્તમ ચિત્ર પ્રદર્શનમાં ટાંગીને તેનાં દોષ જાણવાની ઇચ્છાથી નિચે નોંધ કરી કે, "આ ચિત્રમાં તમને જે કંઇ દોષમય લાગે ત્યાં છેકા મારજો." થોડા દિવસ બાદ તે ચિત્ર ચિત્રજ ન રહ્યું પણ અનેક છેકાઓથી ભરેલો એક કાગળ રહ્યો. છતાં સત્ય બીના એ હતી કે એ એક પ્રસિદ્ધ ચિત્રકારનું પુરસ્કાર મેળવેલુ ચિત્ર હતું ઉત્તમ કળા હતી.

ટીકાકારો વેદ, બાયબલ, અને કુરાનમાં પણ દોષો જોઇ તેની નિત નવી ટીકા કરે છે. પરંતુ એ ગ્રંથોના ભક્તો એના દોષો જોતા નથી પ્રત્યેક ગ્રંથની પરીક્ષા ગ્રંથના પુરા વાંચન અને મનન પછીજ તેનું રહસ્ય જાણી કરવી જોઇએ. આ ટીકાઓ બાહ્ય પરીક્ષા છે. મોટા ભાગના પાઠકો પર ગ્રંથની વિશેષ શી અસર થઇ છે તે જાણીનેજ ગ્રંથની આંતરીક પરીક્ષા કરી શકાય છે. ગમે તે રીતે રામાયણને જોઇએ પણ તેની શ્રેષ્ઠતાજ પુરવાર કરી શકાય છે. કોઇ પણ વસ્તુને સર્વોત્તમ કહેવાનો અર્થ એ નથી જ થતો કે તેમાં એક પણ દોષ નથી. રામાયણ માટે એમ કહેવું ઉચ્ચીત છે કે તે ગ્રંથના વાંચનથી લાખ્ખો લોકોને મનની શાંતી મળી છે. જે લોકો ઇશ્વરથી વિમુખ હતાં તેઓ ઇશ્વર તરફ ફર્યા છે. ભક્તીથી ભરપૂર એના પાનાઓ માણસને જીવન શાંતી આપે છે.

પાપી લોકો પાપને માટે રામાયણ માંથી આધાર શોધી શકે છે, હું એ પણ કબુલ કરું છું કે સ્ત્રીઓ ઉપર તુલસીદાસજીએ અન્યાય કર્યો છે. પણ તે કદાચ તે યુગની માન્યતાઓ હશે! તે યુગની માન્યતાઓને આ યુગ સાથે સરખાવી તુલના નજ કરી શકાય. આથી એ તુલસીદાસનો દોષ નથી પણ તે યુગનો દોષ જરૂર છે.

આવી પરિસ્થીતીમાં સુધારકો શું કરી શકે છે? શું તેમને તુલસીદાસજી પાસેથી કાંઇક સહાય નહી મળી શકે? અવશ્ય મળી શકશે. રામાયણમાં સ્ત્રી જાતીની- નીંદા મળે છે તેમ સીતાજીનું પવીત્ર ચરીત્ર પણ આપણને મળે છે. સીતા વગર રામ કયાંથી? રામનો યશ સીતાજી પર નિર્ભય છે. સીતાજીનો રામ પર નહી. કૌશલ્યા સુમિત્રા આદી પણ આદર્શ પુજનીય પાત્રો છે. શબરી અને અહલ્યાની ભક્તી આજે પણ ભક્તોને ચેતન આપે છે. રાવણ રાક્ષસ હતો પણ મંદોદરી સતી હતી. આવા અનેક દ્રષ્ટાંતો આ પવિત્ર ભંડારમાંથી મળી શકે છે. આ બધુ જોતા મારા ખ્યાલ મુજબ તુલસીદાસજી જ્ઞાન પૂર્વક સ્ત્રી જાતીના નીંદક નહોતા. જ્ઞાન પૂર્વક તેઓ સ્ત્રી જાતીના પુજારી હતાં. આ સ્ત્રીઓની વાત થઇ. વાલી વધ માટે પણ મતભેદનુંજ કારણ છે. વિભીષણના બારામાં મને કાંઇજ દોષ નથી દેખાતો વિભીષણે રાવણ સાથે સત્યાગ્રહ કર્યો હતો. વિભીષણનું દ્રષ્ટાંત આપણને એ શિખવે છે કે પોતાના દેશના અથવા સત્તાધીશોના દોષ તરફ સહાનુભુતી રાખવી અથવા એને છુપાવવા એ દેશ ભક્તીને શરમાવવા બરાબર છે. આથી ઉલ્ટુ દેશના દોષોનો વિરોધ કરવો એજ સાચી દેશ ભક્તી છે. વિભીષણે રામને સહાય કરી દેશનું ભલુંજ કર્યું હતું. સીતાજી તરફ રામના વર્તનમાં નિર્દયતા નહોતી પણ રાજધર્મ અને પતિ પ્રેમનું યુદ્ધ હતું.

બધુ દોષ મય છે એમ સમજી દોષ ન જોતા પ્રત્યેક ચિજમાંથી સાર ગ્રહણ કરવો એજ ઉચ્ચીત છે. હંસ જેમ પાણી અને દુધ ભેગુ હોય તેમાંથી દુધ પી લે છે તેમ આપણે પણ કરવું આવશ્યક છે. કારણ ગુણ અને દોષ તે યુગની પરિસ્થીતી પર અવલંબેલુ હોય છે. સ્વતંત્ર સંપૂર્ણતા ફકત ઇશ્વરમાં જ હોય છે અને તે કથતીય નથી.


# ધી કવીન્સલેન્ડ ઇન્સ્યુરન્સ કુંપની લીમીટેડ

૧૮૮૬માં ન્યુ સાઉથ વેલ્સમાં સ્થપાઇ છે

આગ અકસ્માત તથા દરીયાઇ માલનો

## — વિમો —

તેમજ બધી જાતના વિમાનું

કામ કરે છે.

ખાસ હિંદી પ્રતીનીધી

**શ્રીમતી તહેમી સોરાબજી રૂસ્તમજી**

વધુ વિગત માટે મળો અથવા લખો

૧૦૬ મેન્સફીલ્ડ રોડ — બોકસ નંબર ૪૭૬ — ડરબન.

ટેલીફોન નંબર ૪૭૪૫૩ અને ૪૭૮૮૮.


PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

## ધીરૂભાઈ પી. નાયક

**બુકકીપર, મુસાફરી, વીમાનાં અને જનરલ એજન્ટ**

હીંદુસ્તાન અગર દુનીયાના કોઈ પણ ભાગની હવાઈ દરિયાઈ અગર જમીન માર્ગે મુસાફરી કરવા પેર બેઠાં અમારી મારફતે બુકીંગ કરો.

જીંદગી, આગ, ચોરી, હુલ્લડ, અકસ્માત, પ્લેટગ્લાસ, વિગેરેના વીમા અમે ઉતરાવી આપીએ છીએ.

ઈન્કમટેક્સ, પરસનલ ટેક્સ, હિસાબના ચોપડા લખાવવા રેવન્યુ ક્લીયરન્સ સર્ટીફીકેટ કે વેપારના લાયસેન્સો. પાસપોર્ટ તેમજ ઈમીગ્રેશનને લગતી બાબતોમાં કંઈ પણ ફી લીધા વિના અમે મફત સલાહ આપીએ છીએ.

નેશનલ મ્યુચ્યુઅલ લાઈફ એસોસીએશન ઓફ ઓસ્ટ્રેલીયા અને પોર્ટશાયર ઈનસ્યુરન્સ કંપની લીમીટેડના પ્રતિનિધિ.

**Phone : 33-9033. 26 Barkly Arcade,**

**Cor. 38, Market & Diagonal St., J'BURG.**



## ફરનીચર! ફરનીચર!! ફરનીચર!!!

**બેડરૂમ સુટ, ડાઈનીંગરૂમ સુટ, વોર્ડરોબ, ડરેસીંગ ચેસ્ટ, સાઈડ બોર્ડ ઓફીસ ડેસ્ક, બુક કેસ, ટેબલ, તદન કીફાયત ભાવે ખરીદી શકશો. જાતે પધારી લાભ લેવા ચુકશો નહિ.**

**—બોક્સ, ટેબલ અને કીચન ડરેસર—**

જે હમારી દેખરેખ નીચે તઈયાર થાય છે. તેનો સ્ટોક હમેશાં તઈયાર રહે છે. માત્ર રોકડા ભાવોના પ્રાઈસ લીસ્ટ મંગાવો અને વેપાર આગલ વધારો.

## L. MISTRY

**51 BREE STREET, BURGERSDORP, J'BURG.**

**PHONE 33-4691. BOX 2526.**



## તાજું ઉમદા ફ્રુટ

**આંબા અબધ, લીલી અળદ, રતાળ અને સુરણની મોસમ ચાલુ છે. આદુ શી ૧–૩ રતલ, લસણ શી. ૧–૬ રતલ. પાપડ નંબર ૧ શી. ૧૦, નંબર ૨ શી. ૮ ૧૦૦.**

કપુરી અને ચેવલી પાન બજાર ભાવ, પોસ્ટેજ જુદું. બારકીટ ગોલ શી. ૧૦–૬ લાંબી અને રકવેર બાસ્કીટ શી. ૧૬–૬ ડઝન.

રોડેસીયા, ન્યાસાલેન્ડ અને બેલજીયન કોંગોના ઓરડરો ઉપર પુરતું ધ્યાન આપી કોઈ પણ વસ્તુ પરમીટ કઢાવી મોકલશું.

*All prices subject to Market fluctuations.*

## A. KADER & Co., (PTY) LTD.

**WHOLESALE FRUIT MERCHANTS**

**P. O. Box 251, DURBAN.**



**લગ્ન પ્રસંગો માટે**

**અમને મળો.**

સુરતી જમણના અમે સ્પેશ્યલીસ્ટ છીએ.

શ્રી કેપીટનની અંગત દેખરેખ નીચે યુનીયનના અને રોડેસીયાના કોઈ પણ ભાગમાં તમારે મુકામે આવી રસોઈ કરવાનો અમે કન્ટ્રાક્ટ લઈશું.

## કેપીટન્સ બાલ્કની હોટેલ

**(ધી કોર્નર મીઠાઈ હાઉસ)**

**ગ્રે અને વિકટોરીયા સ્ટ્રીટના ખુણાપર – ડરબન.**

**ફોન નંબર ૨૩૪૧૪ ટેલીગ્રામ: KAPITAN.**



## નવલ કથાઓ

| | | |
|---|---|---|
| સાગર કથા | ૮ | ૬ |
| ઋણ મુક્તિ | ૭ | ૬ |
| નીલ પંખી (નાટક) | ૫ | ૦ |
| ગોદાન (બંગાલીનો અનુવાદ) ભાગ ૧. ૨. સેટના | ૧૬ | ૦ |
| ચોરાની વાતો | ૬ | ૦ |
| બહીષ્કાર | ૬ | ૦ |
| પ્રદીપ | ૭ | ૬ |
| સાગર સામ્રાટ | ૬ | ૦ |
| હીરેકની વાતો | ૬ | ૦ |
| પૌરાણિક નાટકો | ૫ | ૯ |
| યૌવન ભાગ ૧. ૨. સેટની | ૧૨ | ૦ |
| આશાનું બીજ ભાગ ૧. ૨. સેટની | ૧૪ | ૦ |
| દરીયા વાટ | ૧૦ | ૦ |
| વસુંધરા | ૬ | ૦ |
| છેલ્લો પ્રયોગ | ૭ | ૬ |
| સ્વાધ્યાય ભાગ ૧. ૨. સેટના | ૧૩ | ૬ |
| દુર્ગા | ૮ | ૦ |
| જયસીંહ સિદ્ધરાજ | ૧૦ | ૦ |
| માનવતાના મુલ | ૭ | ૦ |
| છેલ્લો અભિનય | ૬ | ૯ |
| કપાલ કુંડલા (બંકીમ ચંદ્ર) | ૬ | ૬ |
| અણખુટ ધારા | ૭ | ૬ |

*Obtainable from:*

**INDIAN OPINION,**

**P. Bag, Durban. Natal.**



## ફિલ્મની નવી રેકોર્ડો આવી છે

| | | | | |
|---|---|---|---|---|
| એક ઝલક | પાંચ | રેકાર્ડ | ભાવ | ૪૧–૩ |
| બારીસ | ,, | ,, | ,, | ૪૧–૩ |
| ભાગમભાગ | ,, | ,, | ,, | ૪૧–૩ |
| મસ્તાની | ,, | ,, | ,, | ૪૧–૩ |
| હલા ગુલ્લા | ,, | ,, | ,, | ૪૧–૩ |
| ભાઇ ભાઇ | ચાર | ,, | ,, | ૩૩–૦ |
| કોફી હાઉસ | ,, | ,, | ,, | ૩૩–૦ |
| મરીન ડ્રાઇવ | ,, | ,, | ,, | ૩૩–૦ |
| કરબલા | ,, | ,, | ,, | ૩૩–૦ |
| સી. આઇ. ડી. | ત્રણ | ,, | ,, | ૨૪–૯ |
| ફીલી ફીલી સાહેબ | ,, | ,, | ,, | ૨૪–૯ |
| નવજવાન | ,, | ,, | ,, | ૨૪–૯ |
| હાતિમતાઇ | બે | ,, | ,, | ૧૬–૬ |
| પરણીતા | એક | ,, | ,, | ૮–૩ |

સુચના : જે ઘરાક ૨૦ રેકોર્ડ લેશે તેને એક સેટ સંગીતા પાંચ રેકાર્ડ મફત આપવામાં આવશે.

પોસ્ટેજ ખર્ચ ૭/૬ જુદો પડશે.

## BHARAT MUSIC SALOON

**AND BOOKSELLERS**

*Corner Grey St., & Lorne Street*

**286 Grey Street, Phone 29488,**

**Durban.**


PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

# લોભ અને કરુણા

(મુકુલભાઇ 'લોકજીવન'માંથી)

(ગતાંકથી ચાલુ)

## ૩ અને ૪
## એમિલીનો ઉકળાટ

રાતે એમિલી પોતાની બહેનપણીને ત્યાંથી પાછી ફરી. વાળુ કર્યા પછી તેણે પોતાના પતિને પૂછ્યું: "આજે તમે કેમ સવારથી બહુ ઉદાસ જેવા લાગો છો! અરે હાં, હું તો તમને એક વાત પુછવાનું જ ભૂલી ગઇ! આજે સવારે પેલા ભાઇ આવ્યા હતા એ કોણ છે?"

આર્થર જરા મૂંઝાઇને બોલ્યો: "એ તો મારો એક ઓળખીતો વેપારી હેલિ હતો. આપણા ગામમાં કંઇક વેપાર અંગે આવ્યો હતો. મારે એની સાથે જરા હિસાબ ચોખ્ખો કરવાનો હતો; એટલે મેં જ એને બોલાવ્યો હતો."

એમિલી—"એ ગુલામોનો વેપાર કરે છે કે શું?"

આર્થર જરા ખમચાઇ ને બોલ્યો: "કેમ તું આવું પુછે છે?"

એમિલી—"એ તો જરા અમસ્તું. આજે સવારે ઇલિઝા મારી પાસે ગભરાતી ગભરાતી આવીને કહેવા લાગી કે, તમે બંને જણ એના પુત્રને વેચવાની વાત કરી રહ્યા હતા. મેં તો એને બરાબર ધમકાવી કાઢી ને કહ્યું કે, તુ તો સાવ મૂરખ જેવી વાત કરે છે! તારા શેઠ આવું કદી કરે ખરા!"

આર્થર તો એ સાંભળીને મનમાં ચમક્યો. તે ડરતાં ડરતાં બોલ્યો: "ખરેખર, ઇલિઝા એવું કહેતી હતી?"

એમિલી—"તો શું હું ખોટું કહું છું? પણ તમે એ તો કહો કે, તમે આપણા ગુલામને વેચવા તો નથી તઇયાર થયાને?"

આર્થર—"એમિલી! હવે તને ક્યાં સુધી અંધારામાં રાખવી? હું ખુબ ભીડમાં આવી પડ્યો છું; તેથી મારે નાછૂટકે ગુલામોને વેચવા પડશે!"

એમિલી—"તમે મારી મશ્કરી તો નથી કરતાને! શું તમે ખરેખર આપણા ગુલામોને વેચશો?"

આર્થર—"હા. ટોમને મારે કયાર નો વેચવો પડ્યો છે!"

એમિલી એ સાંભળીને ચમકી ગઇ. તે અકળાઇને બોલી: "શું તમે આપણા ટોમને વેચશો! તો પછી ઇલિઝા કહેતી હતી એ વાત પણ સાચી હોવી જોઇએ, કેમ ખરૂં ને?"

આર્થર—"હા; મારે જીમને પણ વેચી દેવો પડ્યો છે!"

એમિલી—"તમે એ બંનેને વેચવા કેમ તઇયાર થયા!"

આર્થર—"બીજું કશું થઇ શકે એમ ન હતું. એ બંનેની કીંમત વધારે આવવાથી જ મેં તેમને નાછુટકે વેચવાની તઇયારી બતાવી. તે તો ઇલિઝાની માગણી કરતો હતો. પણ તારૂં દિલ ન દુભાય એ માટે મેં એને હસીને ના પાડી."

એમિલી—"કેવો નરાધમ માણસ છે એ!"

આર્થર—"પણ હું કંઇ ઇલિઝાને કોઇને સોંપું એવો નિર્દય નથી. મારે તારો પણ ખ્યાલ કરવો જોઇએ ને?"

એમિલી—"હવે રહેવા દો એ વાત! તમને ટોમ અને જીમને વેચતી વખતે મારો ખ્યાલ ન આવ્યો? ટોમ જેવા ભગત માણસને વેચવાનું તમને શી રીતે મન થયું, એ જ મને સમજાતું નથી. વળી જીમને એની માથી વિખુટો પાડવા જેવું દયાહીન કૃત્ય કરતાં તમને જરાયે આંચકો ન લાગ્યો?"

આર્થરે એમિલીને પોતાના ઉપર કેટલું બધું દેવું વધી ગયું હતું એની વાત કરીને કહ્યું: "આજે આપણી એવી સ્થિતિ નથી કે, આપણે હેલિને બધું દેવું ચુકવી આપીએ. એ તો આપણા ઘર પર જપ્તી લાવવાની ધમકી આપતો હતો. એટલે છેવટે મારે નાછુટકે આવું પગલું લેવું પડ્યું. તું જ કહે, આ સિવાય બીજો શો રસ્તો હતો?"

પતિની વાત સાંભળીને એમિલી ઉંડો નિસાસો નાંખી બોલી: "ખરેખર, ગુલામી પ્રથા જ મોટું પાપ છે! હું તો એમ માનતી હતી કે, આપણે ગુલામોને સારી રીતે રાખીશું તો એક દિવસ આ પાપ ધોવાઇ જશે. આપણા ગુલામોને ધર્મ પ્રમાણે જીવન જીવતાં શીખવીને તેમનું દુઃખ હું હળવું કરી શકીશ. પરંતુ આ તો એ બાપડાને એ જ દુર્દશામાંથી પસાર થતાં જોવા નો મારે વારો આવ્યો. આવી દુષ્ટ પ્રથા એ જ આ દુઃખનું મૂળ છે!"

આર્થર—"અરે, તું તો ગુલામી પ્રથાની વિરૂદ્ધમાં બોલવા લાગી! ગયા રવિવારે દેવળમાં વડા પાદરી સાહેબે ઉપદેશ આપ્યો હતો, એ શું તું ભૂલી ગઇ? આપણો ધર્મ પણ આ પ્રથાની તરફેણ કરે છે."

એમિલી—"હવે રહેવા દો એ બધા ધર્મગુરૂઓને! ખરી રીતે ધન જ આ અનર્થનું કારણ છે. ધનના લોભે આપણે આ બાપડા લોકોની કરૂણ દશા કરી મૂકી છે અને ધર્મગુરૂઓ પણ ધનના લોભથી મુક્ત નથી. એ લોકો પણ ધનવાનોની શેહમાં દબાઇ જઇને તેઓ રૂચે એવી વાતમાં ધર્મનો આશરો લઇ પોતાનો સૂર પુરાવે છે."

આર્થર એમિલીની વાત સાંભળીને થોડી વાર મૂગો રહ્યો. પછી તે બોલ્યો: "એમિલી, તારી વાત ખરી છે. પરંતુ મારે તો મારી કફોડી સ્થિતિને લીધે જ આવું કરવું પડ્યું છે."

એમિલી—"એ ખરૂં; પણ મને ઇલિઝાની દયા આવે છે. એ બિચારી જીમ વિના ટળવળી મરશે! મારી પાસે બીજું કંઇ ઘરેણું પણ નથી, જે આપીને જીમને છોડાવી શકું. એમ કરો, મારી આ ઘડિયાળ આપું તો ચાલે કે?"

આર્થર—"એમિલી, મેં હેલિને તું સાંજે બહાર ગઇ હતી ત્યારે કરારનામું લખી આપ્યું છે. હવે તે એટલાથી સંતોષ નહીં માને. એને તો જીમના બીજા કોઇ પાસેથી ખુબ રૂપીયા મળશે."

એમિલી—"તો પછી તમે આવા નિર્દય માણસના હાથમાં જીમને શા માટે સોંપ્યો?"

આર્થર દુઃખી અવાજે બોલ્યો: "હવે તું મને બહુ દુઃખી ન કર. જો, આવતી કાલે સવારે હેલિ આવીને ટોમ અને જીમને લઇ જશે. એ વખતે મારાથી ત્યાં હાજર રહેવાશે નહીં. આપણાં પુત્ર જ્યોર્જને પણ હાજર ન રાખવામાં હિત છે. તે ટોમને ખુબ જ ચાહે છે. એટલે તે ટોમને જવા નહીં દેશે. તું પણ ઇલિઝાને લઇ ને કયાંક બહાર ચાલી જજે. પછી આપની ગેરહાજરીમાં હેલિ એ બંનેને ભલે લઇ જાય."

એમિલી—"ના, ના; એવું મારાથી ન થાય. આવી રીતે એ નિર્દોષ લોકોને છેતરતાં મને ન આવડે. હું તો તેમને આશીર્વાદ આપીને વિદાય કરીશ. પણ બિચારી ઇલિઝાનો વિચાર કરતાં મારી છાતી ચિરાઇ જાય છે. હે ભગવાન, તું જે કરે તે ખરૂં!"

જ્યારે એમિલી અને આર્થર આ રીતે વાતો કરતાં હતાં, ત્યારે બાજુના ઓરડામાં ઇલિઝા છાનીમાની ઉભી રહીને એ બધું સાંભળતી હતી. તે બાપડી બેભાન જેવી બની ગઇ. શેઠ-શેઠાણીની વાત પૂરી થતાં તે ધ્રુજતી ધ્રુજતી હળવે રહીને ત્યાંથી બહાર ચાલી ગઇ.—ચાલુ.


વહેલો તે પહેલો


ઘરની સગવડ સાથે બેથાલમાં ટેલર માટે દુકાન ભાડે દેવાની છે.

ફોન — બોક્સ ૨૨૫

Hajee's Silk Store

Bethal, — Transvaal.





બ્રીટીશ ઇન્ડિઆ સ્ટીમ નેવીગેશન કું. લીમીટેડ

સ્ટી. કમ્પાલા ૩૦મી નવેમ્બર આવશે અને ૧લી ડીસેમ્બર ઉપડશે.
સ્ટી. કરંજા ૩૦મી ડીસેમ્બરના આવશે અને ૫મી જાન્યુઆરી ઉપડશે.

પેસેન્જરોએ શીતળા માટે વેકસીનેશન, કોલેરા અને યેલોફીવરનાં ઇનોક્યુલેશનો ફરજીયાત કરાવેલાં હોવાં જોઇએ. અને તે અંગેનું સર્ટીફીકેટ તેમની નજીકના ડીસ્ટ્રીક સર્જન પાસેથીમેળવેલું હોવું જોઇશે. આ ઇનોક્યુલેશન અને સર્ટીફીકેટ સામાન્ય ડોક્ટરો તરફનાં સ્વીકારાતાં નથી.

ભાડું: ડરબનથી મુંબઇ

| | | |
|---|---|---|
| પહેલો વર્ગ સીંગલ ખોરાક સિવાય | પા: | ૯૨—૦—૦ |
| બીજો ,, ,, ,, ,, | ,, | ૬૦—૦—૦ |
| ત્રીજો કલાસ-ડેક ,, ,, ,, | ,, | ૩૧—૧૦-૦ |
| નોન-વેજીટેરીયન વીશી સ્પેશીયલ | પા. | ૧૧—૧૦-૦ |
| સાધારણ | પા. | ૪—૧૮—૦ |

વેજીટેરીયન વીશી પા. ૧૦-૩-૦, સાધારણ ૪—૬-૦

પહેલા, બીજા અને ત્રીજા વર્ગની બુકીંગ અમારી સાથે પત્ર વ્યવહાર અગર ટેલીગ્રાફથી કરી શકાશે.

વિશેષ માહિતિ માટે મળો યા લખો:

SHAIK HIMED & SONS (PTY) LTD.

390 PINE STREET, Telephone 20432, DURBAN.

Tel. Add. "KARAMAT."


PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

# ગાંધીજીની જીવન કથા

(૪૮૮ પાનાનું અનુસંધાન)

આી કે પુરૂષે, સારૂં જીવન વિતાવ્યું હોય અને મરણ પામ્યા હોય તેમને માટે શોક કરવો વૃથા છે. જ્યારે જીવન સારી રીતે વિતાવી ન શકાય ત્યારે કોમળ હૃદય શોક પૂર્ણ થાય છે. જ્યારે હીંદીઓ હીંદીઓને મારતાં, ફક્ત તેઓ જુદી જુદી કોમના છે તેથી અને તે પણ બારેજ કે જ્યારે હીંદને આઝાદી મળી—એ વખત હતો કે જ્યારે તેમનું હૃદય ભાંગી પડયું હતું.

તેમના જીવનના છેલા દિવસોમાં તેઓ પગ પાળો પ્રવાસ કરી આ અમાનુષી કૃત્યને બંધ કરવા વિનવવા માટે ફર્યા હતાં. તેઓ જ્યાં જ્યાં જતાં ત્યાં ત્યાં તેમના કરૂણા ભર્યા શબ્દો દુઃખી હૃદયોને સાંત્વન આપતાં અને માનવતાને જાગૃત કરી શાંતી સ્થાપતાં. ત્યાર પછી તેમનો છેલ્લો ઉપવાસ તેઓએ શાંતી સ્થાપવા કર્યો, અને પોતાના મુર્ખ બાળકોના પાપનું પ્રાયશ્ચીત કરવા જાન આપવાની ઇચ્છા વ્યક્ત કરી.

ફરી અંતે એક વાર તેમની શ્રદ્ધાએ મહાનજીત મેળવી અને શાંતી અને સંપ સ્થપાયા.

એ બનાવતું હતું કે ગાંધીજીની જીવન ભરની મહેનતનું ફળ મળ્યું તેનો આનંદ તેઓ મનાવી શકે. હીંદની સમૃધ્ધ ભુમી લોહિ રેડયા વગર બ્રિટીશરોએ શાંતીથી અને માનવતાંથી આપી દીધી તેથી તેમના તરફ ગાંધીજી ને પ્રેમ વધ્યો હતો. તેઓએ ગાંધીજી ને પહેલાં જેલોમાં પુર્યા હતાં પણ અંતે તેઓ તેમને એક મહાન માનવ તરીકે પુજવા લાગ્યા.

અંતે હરીજનોને મંદીરોમાં બીજા હીંદુઓ સાથે દર્શન કરવા બધે જવા દેવામાં આવતાં. જે લાખો લોકોએ આ ચળવળોમાં ભાગ ભજવ્યો હતો તેઓને આથી આનંદ થયો. દેશની બધી નિશાળોમાં હવે હરીજનો ને ભણાવવામાં આવે છે.

રેંટીઓ કે જે વર્ષો પહેલા કોઇ જાણતું પણ નહીં તે ગાંધીજીના પ્રયત્નથી હવે લાખો હીંદીઓના ઘરમાં ફરતો થયો છે. તે વસ્ત્રહિન માટે વસ્ત્રો પુરા પાડે છે, બેકારોને કામ આપે છે અને ભુખ્યાને રોટલો આપે છે.

[આ લેખ કોપીરાઇટ હોવાથી લેખકની મંજુરી વગર એનો ઉપયોગ ન કરવા ભલામણ છે.]

## ગાંધી જીવન પ્રસંગ

રજુકરનાર મયાદેવી

બાપુ એક વખત બનારસ ગયા હતા, ત્યાં તેઓ માલવીયાજી ને ત્યાં ઉતર્યા હતાં. પહેલો દિવસ ઉગ્યો અને બાપુએ તો રટ્યા ત્યાગ કરીને, પોતાની પાસેની નાની લોટી પાણીથી ભરી તથા એટલા પાણીથી દાતણ કર્યું, કોગળા કર્યા અને મોં ધોયું! પં. માલવિયાજી આ જોતા હતા. તેમણે કહ્યું: બાપુ અહી તો ગંગા મૈયા પોતાના અતુલ વારિ સાથે વહી રહી છે. તમે પાણી વાપરવામાં આટલી બધી કંજુસાઇ શા માટે કરો છો? બાપુએ જવાબ આપ્યો. માલવિયાજી, ગંગામૈયાના અતુલ પાણી કંઇ ઇશ્વરે દુર્વ્યય માટે નથી આપ્યાં. મને જરૂર હોય એનાથી વધારે પાણીનો ઉપયોગ કરૂં તો એ કુદરતનો દ્રોહજ છે.

રસ્તામાં ટાંકણી જડે તો પણ ઉપાડી લેનાર બાપુ, જેને શીખવું હોય તેને માટે જ્ઞાનનો કેવો અખુટ ખજાનો મુકી ગયા છે!

# વિવિધ વર્તમાન

## અમેરીકાના ધનવાનો

ન્યુયોર્કનાં 'ફાર્ચ્યુન મેગેઝીન'માં ૨૭મી ઓકટોબરે સાડા સાત કરોડ ડોલર ઉપરની મીલ્કત વાળા ૭૬ અમેરીકન કોટયાધિપતિઓની નામાવળી પ્રસિદ્ધ થઇ છે જે ગૈકી વિશ્વનો સૌથી વધુ અમેરીકન ધનવાન મી. જે. પોલ ગેટી નામે છે. જે કેલીફોર્નીયાનો વતની કે.ઇ હમણાં પેરીસમાં રહે છે. તેની મીલ્કતનો અંદાજ પાંત્રીસ કરોડ સીત્તેર લાખ પાઉંડ ગણાય છે. પચીસ કરોડ પાઉંડ સુધીની મીલકતવાળાઓ માં ન્યુયોર્કની મીસીસ મેલન બ્રુસ, મીશાનીના મી. આર્થર વીનીંગ ડેવીસ, ડલાસના મી. એચ. એલ. હન્ટ, વીરજીનીયાના મી. પોલ મેલન, પીટસબર્ગના મી. રીચર્ડ કીંગ મેલન; ન્યુયોર્કના મી. જોહન ડી. રોકફેલર (જુનીયર) અને પીટસબર્ગની મીસીસ એલન એમ. સ્કાઇફ વગેરે છે. મી. ડી. કે. લુડવીગ નામના એક સ્ટીમર બાંધનારની મીલ્કત ચૌદ કરોડ વીશ લાખ પાઉંડની છે. તેમજ બ્રીટન ખાતે યુનાઇટેડ સ્ટેટના હાલના એલચી મી. જોહનહેય વ્હીટનીની મીલકત સાત કરોડ દશ લાખ પાઉન્ડની અને આગલા એક એલચી મી. જોસફ પી. કેનેડીની ૧૪ કરોડ વીશ લાખ પાઉન્ડની છે બીજા આગલા એલચી મી. એવરીલ હેરીમેન જે હમણાં ન્યુયોર્ક સ્ટેટના ગવર્નર છે તેની મીલ્કતનો અંદાજ ત્રણ કરોડ સત્તાવન લાખનો છે.

## યુનાઇટેડ હીંદુ એસોસીએશન

કેપટાઉનની યુનાઇટેડ હીંદુ એસોસીએશનની વાર્ષીક જાહેર સભા હીંદુ હોલમાં તા. ૨૯-૯-૫૭ના દિવસે મળી હતી. પ્રથમ વાર્ષીક હેવાલ અને હિસાબ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં સંસ્થા પાસે લગભગ ત્રીસ હજાર પાઉંડની સ્થાવર મીલકત હોવાનું જાહેર થયું હતું. એ પછી નીચે મુજબની ચુંટણી થઇ હતી. પ્રમુખ: બાબરભાઇ દાજીભાઇ ચાવડા. ઉપ-પ્રમુખો: કરસનભાઇ જગાભાઇ અને પરશુભાઇ ગોપાળભાઇ, મંત્રીઓ: જમનાદાસ જેરામ ચૌહાણ અને ભાણાભાઇ ખુશીયાભાઇ, કોષાધ્યક્ષો: ઉકાભાઇ લલ્લુભાઇ અને દુલભભાઇ વસનજી, કોષનિરક્ષકઃ ભીખુભાઇ દયાભાઇની નીમણુક ઉપરાંત કુલ્લે ત્રીસ કમીટી સભ્યો અને અગીયાર શાળા સમીતીના સભ્યોની ચુંટણી કરવામાં આવી હતી. તદઉપરાંત સંસ્થાના ટ્રસ્ટ સમીટીમાં ખાલી પડેલી જગાએ કરસનભાઇ જગાભાઇ અને ઉકાભાઇ લલ્લુભાઇ ટ્રસ્ટ સભ્યો તરીકે ચુંટાયા હતા.

## મદિરા સાથે પકડાયેલી કોલેજ કન્યા

કલકત્તાથી મુંબઇ દારૂની બાટલીઓ લાવવાના આરોપસર પોલીસે એક આકર્ષક કોલેજ કન્યાને પકડેલ અને પાછળથી જામીન પર મુકત કરેલ.

૨૦ વર્ષની આ કન્યા મુકુલીકા એ પોતે કલકત્તાના જજની પુત્રી છે અને કલકત્તાની કોલેજમાં સીનીયર બી. એ. માં અભ્યાસ કરે છે એમ જણાવ્યું હતું.

મુકુલીકા કાશી એકસપ્રેસમાં પહેલા વર્ગમાં મુસાફરી કરતી હતી. તે જ્યારે મુંબઇના વીકટોરીયા ટર્મીનસ પર આવી ત્યારે પોતાની બે શુટ કેસ પર ભારે ધ્યાન રાખતી હતી. આથી પોલીસને શંકા ગઇ, તેથી શુટકેસ ઉઘાડવા પોલીસે તેને જણાવ્યું. ખુબ આનાકાની બાદ તેણે શુટકેસ ખોલી તો ૪૦૦ રૂપીયાની કીંમતનો ૨૦ બાટલી દારૂ નીકળી પડયો હતો.

મેજીસ્ટ્રેટે મુકુલીકાને એક હજારના જામીન પર મુકત કરેલ છે.


**માસ્ટર બ્રધર્સ (પ્રો.) લીમીટેડ**

જાત જાતનાં નાયલન, રેશમી તેમજ સુતરાઉ કાપડ, સ્ત્રીઓ બાળકો અને પુરૂષો માટે ઉત્તમ જાતના વુલન જર્સી, પુલોવર, કારડીગન્સ અને બચ્ચાઓ માટે—બુટીઝ, બીબ્સ, બ્લેન્કેટસ, શોલ્સ; નેપકીન્સ વિગેરે.

દરેક જાતના માલ માટે તપાસ કરવા ભલામણ.

૭૩ વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ફોન: ૩૪-૧૩૪૯ — બોકસ ૧૫૪૯.



**ટુંકી જાહેર ખબરો**

ટુંકી જાહેર ખબરોના પૈસા અગાઉથી લેવામાં આવે છે.

જાહેર ખબરના દરો નીચે પ્રમાણે છે:

પહેલી ત્રણ લીટીના સીંગલ કોલમના શી. ૩. તે પછી દરેક લીટીની શીલીંગ એક.

તમારી ટુંકી જાહેર ખબરો અમને આપી. તમારા માલની જાહેરાત કરો.

લગ્ન નોંધ અને મરણ નોંધ તથા આભાર નોંધ (ટુંકમાં) શી. ૧૦-૬, મોટા હેવાલ છાપનાર પા. ૧-૧-૦.

ખાસ સવલત

લગાતાર ત્રણ વખત છપાનારી જા. x ખ. ને ચોથી વખત મફત છાપી આપવામાં આવશે.

વ્યવસ્થાપક

'ઇન્ડિયન ઓપીનીયન', પ્રાઇવેટ બેગ, ડરબન.


PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

# સમાચાર સંગ્રહ

## યુનીયનનું અવનવું

—ન્યુયોર્કમાં ૨૯મી અક્ટોબરે મળેલી એટમીક ઇન્ડસ્ટ્રીયલ ફોરમની કોનફરન્સમાં રજુ થયેલી વિગત મુજબ દક્ષિણ આફ્રીકામાં યુરેનિયમ ઓક્સાઇડ નો જથ્થો દુનીયામાં સૌથી વધારે હોવાનું જણાવાયું છે.

—બારાગ્વાનથી એરપોર્ટથી ૨૯મી ઓક્ટોબરે એક હેલીકોપટર જોહાનીસબર્ગના મેયરને લઇને પહેલીજવાર જોબર્ગ શહેરના મધ્ય ભાગે આવેલ ઇલોફ સ્ટ્રીટની એક બીલ્ડીંગની અગાશી પર સફળ રીતે ઉતર્યું હતું. જે વખતે પ્રેક્ષકો પણ હાજર હતા.

—ગત યુદ્ધ પુરૂં થયા પછી ૧૧ વર્ષ પર વધેલો 'મસ્ટર્ડગેસ'નો કેટલોક જથ્થો ડબ્બાઓમાં પોર્ટ એલીઝાબેથથી ૫૦ માઇલ દુર સમુદ્રમાં દાટેલો તે પૈકીનો એક ડબ્બો ૩૧મી અક્ટોબરે ત્યાંની એક મચ્છી પકડનારી બોટની જાળમાં માછલી સાથે ખેંચાઇ આવ્યો હતો જેનો લીધે ચાર માણસો દાઝી ગયા હતા અને પકડાયેલી બે ટન જેટલી માછલી દરિયામાં ફેંકી દેવી પડી હતી.

—ગયા મહિનામાં પોર્ટ એલીઝાબેથ ખાતે મળી ગયેલી કેપ નેશનાલીસ્ટોની કોન્ફરન્સમાં એ પાર્ટીના નેતા મી. જે. જી. સ્ટ્રાયડમ તથા બીજા એમ. પી. ઓએ કરેલા ભાષણોમાં કલેમ તથા આર્થીક પ્રશ્નોના ખુલાસાઓ અસંતોષી જણાવાથી પોર્ટ એલીઝાબેથના ૭ પ્રખર નેશનાલીસ્ટોએ એ પાર્ટીમાંથી રાજીનામું આપ્યું છે અને યુનાઇટેડ પાર્ટીને પુરો સહકાર આપવાની ઉમેદ બતાવી છે.

—ફોર્ટહેર યુનીવર્સીટીમાં ૧૯૪૫થી ગણીતશાસ્ત્રી તરીકેનું કામ કરતા મી. જે. એ. મોકોઇન ૩૧મી અક્ટોબરે વિમાન દ્વારા ઘાનાના આક્રા એરોડ્રોમ પર પહોંચ્યા હતા. તેઓ કુમાસી કોલેજમાં લેક્ચરર તરીકે નીમાયેલ છે. અને દક્ષિણ આફ્રિકાની યુનીવર્સીટીના પહેલા આફ્રિકન ઘાના ગયા છે.

—યુનીયન કાસ્ટલ મેઇલ સ્ટીમશીપ કંપનીએ ૨૯મી અક્ટોબરે શત વર્ષી ઉજવી છે. સાઉધેમ્પ્ટનથી કેપટાઉનની પહેલી ટપાલ ૪૪ દિવસોમાં ૫૦૦ ટનની ડેન નામની સ્ટીમરમાં સો વર્ષ પર આવેલી. હમણા એજ માર્ગે સાડા તેર દિવસમાં ટપાલ આવે છે.

—ગ્રેહામ્સટાઉનની શાળામાં ભણતો સેસીલ ન્ટીલે નામનો ૧૦ વર્ષની ઉમરનો એક આફ્રીકન છોકરો બાયબલનો ઉપદેશ આપવ.ની અજાયબ શક્તિ ધરાવે છે. તેની સ્મરણ શક્તિથી શિક્ષકો પણ આશ્ચર્ય પામ્યા છે. ઉપદેશ ન આપે ત્યારે તે સામાન્ય બાળક જેવો જણાય છે પણ ચર્ચના મંચ પરથી બોલે તે કથન સચોટ ધ્યાન ખેંચે તેવું આકર્ષક જણાયું છે.

—બ્લોમફન્ટીનના લોકેશનમાં ૨૮મી અક્ટોબરે બસુટો અને ઝુલુઓ વચ્ચે મારા મારી થયેલી જેમાં ૭ આફ્રિકનો મરી ગયા અને ૩૦ ને ગંભીર હાલતમાં હોસ્પીટલમાં લઇ ગયા હતા.

—ગયાના આગલા અઠવાડીયે યુટનહેગથી નવ માઇલ પર આવેલા એક ફાર્મમાં ચાર આફ્રિકનોને પલેગના તાવ આવ્યાથી હોસ્પીટલમાં લવાયેલા તે પૈકી એકનું મરણ નીપજ્યું હતું. બાકીનાને ઇલાયદા વિભાગમાં ઉપચાર માટે રખાયેલા છે. તત્કાળ ચાંપતા ઉપાય લેવાથી નવા કેસો નથી જણાયા.

## વિદેશની વિવિધતા

—સોવીયેટ રશિયાના ખેડુતોનું પાંચ સભ્યોનું પ્રતિનિધી મંડળ હીંદ આવી પહોંચ્યું છે. તેઓ હીંદની ખેતીનું નિરક્ષણ કરશે અને ખેતીવાડી ખાતાના પ્રધાનને મળશે. તેઓ ત્રણ અઠવાડીયા હીંદમાં ગાળવા ઇચ્છે છે.

—આંતર રાષ્ટ્રીય ગજુર પરિષદ દિલ્હીમાં તા. ૧૩-૨૬ નવેંબરમાં ભરાવવાની છે તેમાં ૨૫ દેશોના પ્રતિનિધીઓ ભાગ લેશે. એશીયાના દેશોમાં આર્થીક સ્થીતી સુધારવા માટે આ પરીષદ વિચાર વિનીમય કરશે.

—આંધળાઓ માટે વાંચવા માટે એક "રીડીંગ મશીન" વાંચવાના મશીનની શોધ હંગરીના વિજ્ઞાનીકે કરી છે. આ મશીનથી—જે ફક્ત પોસ્ટેજ સ્ટેંપના કદનું છે—આંધળાઓ અક્ષરોને સ્પર્શ કરી વાંચશે

—અલ્જેરીયન રાષ્ટ્રવાદીઓએ દાખલ થઇ એક હોટલ પર તેમ જ પસાર થતી મોટરકારો પર ગોળીઓ છોડી હતી. આ હુમલામાં બે યુરોપીયન સ્ત્રીઓ ઘાયલ થઇ છે.

—ટ્યુનીશીયનના વડા હબીબ બે.ગીબા એ જણાવ્યું છે કે અમને શસ્ત્રો પુરાં પાડવાનું ને અમારા લશ્કરને ઉચિત સામગ્રીથી સજ્જ કરવાનું અમેરીકાએ સ્વીકાર્યું છે. રશીયાની લશ્કરી સહાય અમને ઉચીત લાગતી નથી, કેમકે અમે ફ્રાન્સસહ પશ્ચિમી જગત સાથે ગાઢપણે સંકળાયેલા છીએ.

—વોશીંગ્ટન ખાતેના ટ્યુનીશીયન દૂત જણાવ્યું છે કે અગ્રે ઇજીપ્ત પાસેથી શસ્ત્રો લઇશું. ઉપરાંત ઇટલીએ પણ હથીયારોની સહાયની ઓફર કરેલી છે.

—આટલાંટિક મહાસાગરમાં એઝોરસ ટાપુઓ પાસે સમુદ્રમાંથી ફુંટી નીકળેલો નવો જવાળા મુખીનો બેટ ૩૦ દિવસમાં ૨૪૦૦ ફીટ ઉંચો વધ્યા પછી ૩૧મી અક્ટોબરની રાતે બે મોટા ધડાકા બાદ પાછો પાણીમાં સમાઇ ગયો છે હવે માત્ર સમુદ્રમાં ઉકળતું પાણી જ ત્યાં દેખાય છે.

—અક્ટોબરની શરૂઆતમાં ફ્રાંસની કેબીનેટ અવિશ્વાસના ઠરાવથી છેલ્લી લડાઇ પછી ૨૪મી વાર વિખરાઇ ગયેલી ત્યાર પછી નવી કેબીનેટ રચવાના પાંચેક નેતાઓએ કરેલા પ્રયત્નો અફળ ગયા છે જેથી પ્રમુખ મી. કોટી હાલમાં પ્રધાનો વિના જ સરકારી વહિવટ ચલાવે છે.

—રશીયાએ ચાલુ કરેલો માનવ રચિત ઉપગ્રહ 'સ્પુટનીક' પૃથ્વીની ફરતે ચાર સોની ઉપર પ્રદક્ષણા કરી ચુક્યો છે.

—રશીયન રાજ્ય ક્રાંતિની ૪૪મી વર્ષગાંઠની સ્મૃત્તિમાં ૭મી નવેંબરે બીજો મોટો ઉપગ્રહ છોડશે જેમાં કુતરાઓ પણ મોકલાશે અને તે પૃથ્વી પર પાછો ખેંચી શકાશે, એમ પશ્ચિમ જર્મનીના એલચી ખાતામાંના એક રશીયન વિજ્ઞાનીએ જણાવ્યું છે.

—ઘાનાના વડા પ્રધાન ડૉ. ક્વામી ન્ક્રુમાહે સ્વાતંત્ર્ય ઉજવણી વખતે આફ્રિકા ખંડના સ્વતંત્ર દેશોની એક કોન્ફરન્સ બોલાવવાની કરેલી સુચના મુજબ આવતા જાન્યુઆરી માસમાં તે માટેની આગાહી થાય છે. લંડનમાં મળી ગયેલી કોમનવેલ્થ વડા પ્રધાનોની કોન્ફરન્સમાં ડૉ. ન્ક્રુમાહે એ અંગે એબીસીનીયા, લાઇબીરીયા, લીબીયા, મોરોકો, સુદાન અને ટુનીસીયાના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી હતી.

—મી. એડનન મેન્ડેરસ છેલ્લાં સાત વર્ષથી તુર્કીના વડા પ્રધાન છે તેઓ ૨૯મી અક્ટોબરે બીજાં ચાર વર્ષ માટે ફરીથી પ્રધાન ચુંટાયા છે.

—કોલંબોમાં બ્રીટનનું છેલ્લું લશ્કરી મથક કોલંબોથી ૨૦ માઇલ ઉત્તરમાં હતું તે ૧લી નવેંબરથી કોલંબોની સરકારને સુપ્રત કરી દીધું છે.

—વિશ્વની આરોગ્ય સંસ્થાના એક સભ્ય અને ઇઝરાએલના વતની ડૉ. કાલમન મેને ૨૮મી અક્ટોબરે ફીલાડેલફીયા ખાતે કહ્યું છે કે ઇઝરાએલના વિજ્ઞાનીઓએ માણસના શરીરમાં નવું લોહિ દાખલ કરાય છે તે માટેનું નવું રસાયણ તત્વ શોધી કાઢ્યું છે. આ લોહિનો પ્રયોગ કુતરા ઉપર સફળ રીતે થયો છે હવે માણસ ઉપર પણ થશે. આ નવા લોહિથી માણસના લોહિની જુદી જુદી જાતોની તકલીફો દુર થઇ જશે.

—તુર્કીના પ્રમુખ મી. સેલાવ બાયર પહેલી નવેમ્બરે ફરીથી પ્રમુખ પદે ચુંટાયા છે.

—સોવીયેટના સંરક્ષક ખાતાના પ્રધાન માર્શલ જ્યોર્જી ઝુકોવને સોવીયેટ સામ્યવાદી પક્ષની મધ્યસ્થ સમિતિએ પદભ્રષ્ટ કર્યો છે.

—ગ્લાસગોમાં જન્મેલ બ્રીટનના રસાયણીક સર એલેકઝાન્ડર ટોડને ૧૯૫૭નું ૧૪૪૦૦ પૌંડનું કેમીસ્ટ્રીનું નોબલ પ્રાઇઝ ૩૧મી અક્ટોબરે સ્ટોકહોમ ખાતે સુપ્રત થયું છે. એમણે સીન્થેટીક વીટામીન બી. ૧૨ અંગે કરેલી શોધ ઘણી અગત્ની ગણાઇ છે.

—ન્યુક્લેર ધડાકાના અખતરાને તત્કાળ અટકાવવાની જરૂરીયાત જણાવતાં યુનાઇટેડ નેશનની જનરલ એસેમ્બલીને ૩૦મી અક્ટોબરે મી. કૃષ્ણમેનને કહ્યું હતું કે અત્યારે જો ન્યુક્લેર અખતરા બંધ કરાશે તો પણ વિજ્ઞાનીઓનો અંદાજ છે કે થઇ ગયેલા અખતરાની અસરથી ૧૯૭૦ સુધીમાં કેન્સરથી વાર્ષીક એક હજાર મરણો નીપજશે. પણ જો આ અખતરા ચાલુ રહેશે તો દર વર્ષ કેન્સરથી પાંચ હજાર મરણો થશે.

## શ્રી વી. કે. કૃષ્ણમેનન

(૪૮૯ પાનાનું અનુસંધાન)

હતી. ખુદ પ્રેસિડન્ટ નાસર પણ દર બે કલાકે એમની તબીયત અને ચુંટણીના પરિણામ અંગે ઇંતેજાર રહેતા હતા. ભારતના સામ્યવાદી પક્ષના અગ્રણીઓ અજેયઘોષ અને ગોપાલન જેવા પણ ચુંટાવા જ જોઇએ એમ ઇચ્છતા હતા.

"ભારત હાઇડ્રોજન બોંબ બનાવવામાં પ્રગતિ કરે છે કે? "આવો, વિચિત્ર પ્રશ્ન એમને એક સંરક્ષણ પ્રધાન તરીકે પુછવામાં આવ્યો ત્યારે જવાબ આપ્યો હતો, વિશ્વ યુદ્ધ થાય તો વિશ્વને તારાજ કરવાને હાઇડ્રોજન બોંબનો પુરતો જથ્થો સહસત્તાઓ પાસે છે તો પછી ભારતે શા માટે એવા બોંબ પાછળ પૈસા વેડફવા જોઇએ?" આવા જડબા તોડ જવાબો તેઓ આપી શકતા.

ચુંટણી પછી આશા રખાતી હતી કે ભારતના આ પનોતા પુત્રને પરદેશ પ્રધાનની જવાબદારીઓ સોંપવામાં આવશે છતાં જ્યારે ભારત પાકીસ્તાન સંબંધો તંગ બન્યા હોય ત્યારે તેઓને સંરક્ષણ પ્રધાન જેવો અગત્યનો હોદ્દો આપવામાં આવ્યો છે તે પણ સર્વથા યોગ્ય જ છે.


### જોઇએ છે

કુટુંબમાં બધા એકી સાથે બેસી વાંચી શકે તેવું શિષ્ટ અને સંસ્કારીક સાહિત્ય પીરસતું પૂર્વ આફ્રિકાનું પ્રથમ શ્રેષ્ઠ ગુજરાતી માસીક જાગૃતી માટે ગામે ગામ તથા મોટા શહેરોમાં કમીશનથી યા પગારથી કામ કરનાર સેવા ભાવી લાગવગવાળા કાર્યકરોની એજન્ટ તરીકે જરૂર છે. વધુ વિગત માટે લખો.

સાંપાદક "જાગૃતિ"
પો. બો. ૭૨૬, કમ્પાલા.


PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

# સામાજીક ખબરો

## સાભાર સ્વીકાર

એલ. નારણ એન્ડ કું. (ક્વે ક્વે) ૧–૧–૦, મેનાબેન દલપત રામ (જો'બર્ગ) ૧–૧૫–૦, જસોદાબેન ઉકા ૨–૨–૦, ડાહ્યા પરભુ ૨–૨–૦, શાંતાબેન દેસાઇ ૧–૧–૦, શાંતાબેન પટેલ ૧–૧–૦, ઉર્મીલા દેસાઇ ૧–૧–૦, રતનપ્રભા નાથુભાઇ ૧–૧–૦, ગંગાબેન પરભુ ૧–૧–૦, લીખીબેન એમ. પટેલ ૧૦–૦, દેવીબેન પટેલ ૧–૦–૦, મોહનદાસ હરજીવનદાસ ૧૦–૦, રળીયાતબેન આર. પટેલ ૧–૧–૦, પરભુભાઇ વલભ ૧૦–૬, પેરેમાઉટ પ્રોડ્યુક્ટ ૫–૫–૦, શાંતીબેન પ્રેમા ૧–૧–૦.

—o—

## અવસાન

રામજી ગોપાળ એન્ડ સન્સના શ્રીયુત મણીલાલભાઇ રામજીનું અવસાન ૩૨ વર્ષની ઉમરે તા. ૪–૧૧–૫૭ના રોજે થયું હતું. મહરૂમ ભગુભાઇ રામજી અને કરસનભાઇ રામજીના નાનાભાઇ થતાં હતા. એમનો સ્વભાવ ઘણોજ મળતાવડો અને આનંદી હતો સ્વર્ગવસ્થ એમની પાછળ એમની વિધવા મણીબેન અને કુટુમ્બીજનોને મુકી ગયા છે. સ્વર્ગસ્થને શ્રી ગોવન મણીએ અને નારણદાસ દયાળે અંજલીઓ અર્પી હતી. સ્વર્ગસ્થના આત્માને અમે શાંતી ઇચ્છીએ છીએ અને તેમના કુટુંબને દુઃખ સહન કરવાની શકતી મળો એવી પ્રાર્થના કરીએ છીએ.

—o—

## આભાર

શ્રી ભગુભાઇ રામજી અને કરસનભાઇ રામજી તેમજ શ્રીયુત મગનભાઇ હરીભાઇ અને દયારામભાઇ હરીભાઇ, દરેક જે મિત્રોઓએ તેમના દુઃખમાં દિલાસો આપી ભાગ લીધો છે તે સૌનો અત્રે આભાર માને છે.


## કાચી કેરી અને લીલા મરચા

૭ રતલ કાચી કેરી અને ૩ રતલ લીલા મરચાનું ૧૦ રતલનું પાર્સલ યુનીયનમાં પોસ્ટેજ સાથે ૮/૯. ડીસેંબરના છેલ્લા અઠવાડીયાથી તમને અમે જો સંજોગોમાં ફેરફાર નહીં થાય તો મોકલી શકશું. વ્હેલો તે પહેલો આજથીજ તમારો ઓરડર નોંધાવો. કારણ કેરીની મોસમ એક મહીનામાં ખલાસ થશે. સુકા મરચા અમારે ત્યાંથી મળ્યા કરશે.

MAARMANS PTY LTD.
Director A. K. Hassan.
Box 26, Phone 128.
Brits Transvaal.



## જ્ઞાન મેળવવા લાયક પુસ્તકો

| | | |
|---|---|---|
| ગીતા ધ્વની ,, ,, | ૬ | ૩ |
| કેળવણી વિકાસ (કી. મશરૂવાળા) | ૩ | ૦ |
| સ્ત્રી પુ. મર્યાદા ,, ,, | ૪ | ૬ |
| સમુળી ક્રાંતી ,, ,, | ૪ | ૦ |
| કેળવણી વડે ક્રાંતી | ૭ | ૬ |
| સરદાર વલ્લભભાઇ ભાગ ૧ | ૧૩ | ૦ |
| એક ધર્મ યુદ્ધ (અમદાવાદનો મજુરોની લડતનો ઇતિહાસ) | ૧ | ૩ |

## ગાંધી સાહિત્ય

| | | |
|---|---|---|
| પાયાની કેળવણી (ગાંધીજી) | ૩ | ૦ |
| અમારા બા (કસ્તુરબા ગાંધી) | ૪ | ૦ |
| ગાંધીજીનો સરકાર સાથે પત્રવ્યવહાર | ૩ | ૦ |
| બાપુની સેવામાં | ૬ | ૦ |
| કસ્તુરબા સ્મારક અંક—( 'ઇન્ડિઅન ઓપિનિઅન' ) | ૧ | ૬ |
| ગાંધી સ્મારક અંક | ૨ | ૦ |
| બાપુના–બાને પત્રો (કસ્તુરબા પર લખાયલા પત્રો) | ૨ | ૬ |
| ટાઇફોઇડ | ૧ | ૬ |
| નળાખ્યાન | ૭ | ૬ |

*Obtainable from:*

*'Indian Opinion' P. Bag,*
*Durban, Natal.*



## જીવનમાધુરી

તંત્રીઓ
મોહનલાલ મહેતા–સોપાન
લાભુબેન મહેતા

જીવનમાં સૌંદર્ય, માંગલ્ય ને માધુર્યની ભાવના પ્રેરતા આ માસિકમાં ગુજરાતના ખ્યાતનામ લેખકો, ચિંતકો, અને સમાજ સેવકો નિયમિત લખે છે.

આ માસિકમાં ૧૬૦ થી ૨૦૦ પાનાનું વાંચન આપવામાં આવે છે. અને વર્ષમાં ત્રણ વિશિષ્ટ અંકો આપવામાં આવે છે.

આ માસિકનો કોઇ પણ અંક એવી ખાતરી આપશે કે ગુજરાતી ભાષાનું આ એક ઉત્તમોત્તમ અને કુટુમ્બનાં સર્વ સભ્યોને પ્રિય થઇ પડે એવું સમૃદ્ધ માસિક છે.

છુટક નકલ દેશમાં ૬૫ ન. પૈ.
વિદેશમાં શી. ૧–૪.
વાર્ષીક લવાજમ: દેશમાં રૂા. ૭–૫૦.
વિદેશમાં શી. ૧૫–૦.

## જીવનમાધુરી

ગુલબહાર, બેરેક રોડ,
મુંબઇ ૧.



## નવા પુસ્તકો

### ગાંધીજીના પ્રકાશનો

| | | |
|---|---|---|
| ધર્મ મંથન | ૪ | ૩ |
| કેળવણીનો કોયડો | ૫ | ૦ |
| નિત્ય મનન | ૨ | ૬ |

### મનુબેન ગાંધી કૃત

| | | |
|---|---|---|
| એકલો જાને રે | ૬ | ૦ |
| કલકત્તાનો ચમત્કાર | ૨ | ૦ |
| બિહારની કોમી આગ | ૬ | ૦ |

### બીજા નવજીવનના પ્રકાશનો

| | | |
|---|---|---|
| પુર્વ આફ્રીકામાં | ૬ | ૦ |
| સત્યાગ્રહની સપ્તપદી (ગાંધીજીએ કરેલા પાંચ સત્યાગ્રહની આછી રૂપરેખા અને માહીતી) | ૬ | ૦ |
| લોક માન્ય ટિલકનું જીવન ચરીત્ર | ૬ | ૦ |
| હીંદની અંગ્રેજી વેપાર શાહી ૧૬૦૦ થી ૧૮૫૮ નો ઈતીહાસ | ૮ | ૬ |
| મનુષ્યની સર્વાંગીણ કેળવણી | ૮ | ૬ |
| જીવનનો આનંદ | ૧ | ૬ |

### જવાહર કૃત

| | | | |
|---|---|---|---|
| મારૂં હીંદનું જીવન દર્શન | ૧ | ૦ | ૦ |
| જગતના ઈતિહાસનું રેખા દર્શન ભાગ બન્ને સાથે | ૧ | ૨ | ૬ |

મળવાનું ઠેકાણું:

*Indian Opinion,*
*P. Bag, Durban,—Natal.*

## ગાંધી સાહીત્ય

| | | | |
|---|---|---|---|
| દ. આ. નો ઈતીહાસ | | ૭ | ૬ |
| મહાદેવ દેશાઈનું જીવન ચરીત્ર | | ૨ | ૩ |
| મહાદેવ દેશાઈની ડાયરી | ભા. ૧ | ૧૦ | ૦ |
| ,, ,, ,, | ભા. ૨ | ૧૨ | ૦ |
| ,, ,, ,, | ભા. ૩ | ૧૧ | ૬ |
| ,, ,, ,, | ભા. ૪ | ૮ | ૦ |
| ,, ,, ,, | ભા. ૫ | ૧૬ | ૦ |
| બાપુની કારાવાસની કાહાણી | | ૧૫ | ૦ |
| હસ્ત લીખીત હીંદ સ્વરાજ્ય | | ૪ | ૦ |
| આત્મ કથા (ગાંધીજી) | | ૭ | ૬ |
| ગાંધીજીની સંક્ષીપ્ત આત્મ કથા | | ૨ | ૬ |
| બાપુની ઝાંખી (કાકા કાલેલકર) | | ૩ | ૦ |
| બાપુની પ્રસાદી | | ૫ | ૦ |
| ગાંધીજી અને સામ્યવાદ (કી. મશરૂવાળા) | | ૭ | ૦ |
| નીતી નાશને માર્ગે (ગાંધીજી) | | ૨ | ૦ |
| અનાસક્તી યોગ (ગાંધીજીએ ગીતાજીનો કરેલો અનુવાદ) | | ૧ | ૬ |
| ધર્માત્મા ગોખલે (ગાંધીજી) | | ૧ | ૯ |
| આશ્રમ ભજનાવલી | | ૧ | ૦ |
| હીંદનો કોમી ત્રીકોણ (કોમવાદ વિષે લખેલું) | | ૧ | ૦ |
| આરોગ્યની ચાવી | | ૧ | ૬ |
| કોંબ કેવિ એખ સાહસથી ભરપુર બાળ વાર્તા | | ૩ | ૦ |

મળવાનું ઠેકાણું : આ ઓફીસ.

*'Indian Opinion' P. Bag., Durban, Natal.*



## નવલ કથાઓ

### સારા સારા લેખકોનું સુંદર સાહીત્ય

| | | |
|---|---|---|
| નવલીકાઓ (મેઘાણી) | ૬ | ૬ |
| સોરઠી ગાથા ,, | ૬ | ૬ |
| એક બીંદુ | ૭ | ૦ |
| ઉભી વાટ | ૮ | ૬ |
| ઉન્નયન | ૭ | ૦ |
| કલાની સહચરી | ૫ | ૦ |
| શહીદોનો સંદેશ (આયરલેન્ડના શહીદ) | ૪ | ૦ |
| સોનેરી છાયા | ૧૦ | ૦ |
| છાયા પ્રકાશ | ૧૩ | ૬ |

### ર. મ. દેશાઈ કૃત

| | | |
|---|---|---|
| દિવડી | ૧૧ | ૦ |
| માનવી ખંડીયેરો (એક રક્ત પિત્તીની આત્મ કથા) | ૬ | ૦ |
| લોક ભાગવત (નાનાભાઈ ભટ્ટ કૃત) શ્રીમદભાગવતની કથાઓ | ૧૬ | ૦ |
| કીમીયાગારો (૧૮ મહાન નરનારીઓનો ટુંક પરીચય) યશોધર મહેતા | ૬ | ૦ |
| મુક્ત પંખી | ૮ | ૦ |

મળવાનું ઠેકાણું આ ઓફીસ.

**'Indian Opinion'**

**P. Bag, — DURBAN.**



## બીજાં કેટલાંક પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ઈરકની ખુરશુ (નવલ કથા) | | ૬ | ૦ |
| શહીદનો સંદેશ | | ૪ | ૦ |
| મરુ ભૂમિમાં ,, | | ૪ | ૦ |
| મેઘધનુષ્ય ,, | | ૭ | ૬ |
| લુઇ પાશ્ચર (જીવન ચરીત્ર) | | ૫ | ૦ |
| નુતન રશિયામાં ડોકીયું | | ૩ | ૬ |
| સોક્રેટીસની સફર | | ૨ | ૬ |
| જીવતા તહેવારો (કા. કાલેલકર) | | ૫ | ૦ |
| ઇશાવાસ્ય (વિનોબા) | | ૧ | ૬ |
| સ્થિતપ્રજ્ઞ દર્શન ,, | | ૪ | ૦ |
| ગીતા પ્રવચનો ,, | | ૩ | ૦ |
| મધુકર ,, | | ૪ | ૯ |
| જીવન દ્રષ્ટિ ,, | | ૩ | ૯ |
| સત્યના પ્રયોગો—આત્મ કથા (ગાંધીજી) | | ૭ | ૬ |
| દીલ્હી ડાયરી ,, | | ૭ | ૬ |
| રામનામ ,, | | ૨ | ૦ |
| બાપુ મારી મા (મનુબેન) | | ૧ | ૬ |
| મહાદેવભાઇની ડાયરી (પાંચ ભાગ.) | ૨ | ૧૮ | ૩ |
| ગુજરાત વિદ્યાપીઠનો જોડણી કોશ | ૧ | ૨ | ૬ |
| મહાદેવભાઇનું પુર્વ ચરિત્ર | | ૨ | ૩ |
| ગાનની ખંડેરો (કાલેલકર) | | ૬ | ૦ |
| વ્યાપક ધર્મ ભાવના (ગાંધીજી) | | ૬ | ૦ |

*Obtainable from:*

'INDIAN OPINION', P. Bag Durban.



## વાંચવા લાયક સાહિત્ય

| | | |
|---|---|---|
| ગો સેવા (ગાંધીજી) | ૨ | ૦ |
| ગીતા બોધ (ગાંધીજી) | ૧ | ૦ |
| બા બાપુની શીળી છાયામાં (મનુ ગાંધી) | ૪ | ૬ |
| મધુકર (વિનોબા) | ૫ | ૬ |
| ત્યાગ મુર્તિ અને બીજા લેખો (ગાંધીજી) | ૬ | ૦ |
| ત્યારે કરીશું શું (ટોલ્સટોય) | ૪ | ૯ |
| વ્યાપક ધર્મ ભાવના (ગાંધીજી) | ૬ | ૦ |
| દારૂબંધી (કુમારપ્પા) | ૧ | ૩ |
| ઓતરાંતી દીવાલો (કાલેલકર) | ૧ | ૩ |
| કન્યાને પત્રો ન. પરીખ (તારૂણ્યમાં પ્રવેશતી બાળાઓ માટે) | ૨ | ૬ |
| મરકુંજ (મ. ત્રીકમજી ક્ષયરોગી માટે) | ૨ | ૦ |
| ગાંધીજી (બાળકો માટે ચરીત્ર) | ૧ | ૬ |
| વિશ્વશાંતી કાવ્ય (ઉ. જોશી.) | ૧ | ૦ |
| બનોને (રા. અમૃતકોર) | ૧ | ૦ |
| હીંદી રાષ્ટ્રીય મ. સ.નું બંધારણ | ૧ | ૦ |
| આત્મ રચના જુ. દવે. | ૮ | ૦ |
| દીલ્હી ડાયરી (ગાંધીજી) | ૭ | ૬ |

મળવાનું ઠેકાણું

**'INDIAN OPINION'**

**Private Bag,**

**Durban.**


Printed And Published by Mrs. Sushila Gandhi, International Printing Press, (Phoenix) Private Bag, Durban, Natal.

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor